
યુગલ દર્શન



યુગલદર્શન

ચિત્ર પરિચય

૧ પૂ. પા. ગો. શ્રી. ૧૦૮ શ્રી વલ્લભાચાર્યજી મહારાજશ્રી

૨ સ્વ. કુ. બેન વીરમતી કેશવલાલ અને સ્વ. કુ. બેન રસિકમણી કેશવલાલ

૩ 'રાધા-કૃષ્ણ' (બન્ને બેનોએ ચીતરેલી એક પિછવાઈ ઉપરથી)

૪ નંદીમુખીના સંકેત પ્રમાણે . . . લલિતા કૃષ્ણની છબી રાધાજી સમક્ષ ધરે છે.

૫ રાધારાણીનો . . . 'પ્રથમ પત્ર'

૬ 'રાસલીલા'

૭ શ્રી પુરણમાસીજી...'યુગલ દર્શન'

૮ સખા મંડળસમીપ..'યુગલસ્વરૂપ'

૯ રાધિકાએ શ્રીકૃષ્ણને બંસી સુપ્રત કર્યા પછી....કનૈયાનો 'બંસીનાદ'

૧૦ રાધાકૃષ્ણ . . . 'ગિરિરાજપંથે'

Printed by
Ishwardas Lallubhai Patel
at
Nallini Printery
Jambulwadi West Bombay 2

પાત્ર ઓળખ

શ્રી પુરણમાસીજી : સાંદીપની ઋષિની માતા
નંદીમુખી : પુરણમાસીજીની દાસી
સાંદીપની ઋષિ : શ્રીકૃષ્ણના ગુરૂ
મધુમંગળ : કૃષ્ણનો બાળસખા, પુરણમાસીજીનો પ્રપૌત્ર
નંદરાયજી : કૃષ્ણના પિતા
જશોદા : કૃષ્ણની માતા
બળરામ : કૃષ્ણના વડીલ બંધુ
સુબાલ, સુદામા : કૃષ્ણના મિત્ર
કીર્તિજી : રાધાજીની માતા
મુખરા : કીર્તિજીની દાસી
લલિતા, વિશાખા, ચંદ્રાવલી : રાધાજીની સાહેલી
અભિમન્યુ : જટિલાનો પુત્ર
વૃંદાદેવી : વનની દેવી
કુંજવિદ્યાદેવી : સ્ત્રીવેશમાં શ્રીકૃષ્ણ

શબ્દશુધ્ધિ

અશુદ્ધ	પૃષ્ઠ	શુદ્ધ
અજ્ઞારૂપ	૪	આજ્ઞારૂપ
બેલાવશો	૫	બોલાવશો
જશેદા	૨૧	જશોદા
ઓાહે	૪૬	ઓહો
પરધરામણી	૬૪	પધરામણી
ફોડ્યાં કાન	૧૨૧	મોડ્યા માન
ત	૧૨૨	તે
મોરલા	૧૨૯	મોર
તને અને અધરે	૧૩૯	તને ધરે અધરે
વંઢાણી	૧૪૯	ઈંઢાણી

વિષયસૂચી

આભારદર્શન

આ પુસ્તક માટે લીધેલા પરિશ્રમ બદલ હું શ્રીયુત સુંદરજી બેટાઈનો સહર્ષ આભાર માનું છું.

☆

નિ વે દ ન

મારે હવે આથી વધું શું લખવાનું હોય? – છતાં એક વસ્તુ ઉલ્લેખવી રહી જાય છે. આ 'યુગલ દર્શન'નું પુસ્તક બેનોના અવસાન પછી સત્વર છપાવવાની મારી ઇચ્છા હતી, પરંતુ પ્રસંગોપાત્ત ટૂંકા ટૂંકા પ્રતિકૂળ સંજોગોને લીધે અધિક સમય વહી ગયો – કદાચ છેક મોડું નથી થયું – ઇશ્વર સ્મરણ અને ગુણગાન માટે ક્યારે પણ સમયને દોષ ન જ દેવાય, ખરૂં ને?

મુંબઈ,
તા. ૧૫–૯–૪૦

સુરેન્દ્ર પી. શાહ



यदनुग्रहतो जंतुः सर्वदुःखातिगोभवेत् ॥ तमहं सर्वदा वंदे श्रीमद्वल्लभनंदनम्.

अज्ञानतिमिरांधस्य ज्ञानांजन शलाकया ॥ चक्षु रुन्मीलितं येन तस्मै श्री गुरवे नमः.



સદ્દગત કુમારી બ્હેન વીરમતી કેશવલાલ શાહ.

જન્મ: સંવત૦ ૧૯૭૫ ફાગણ સુદ ૭ શનેઉ.
સ્વર્ગવાસ સંવત૦ ૧૯૮૫ મહા સુદ ૫ બુધે.

. . . .

સદ્દગત કુમારી બ્હેન રસિકમણી કેશવલાલ શાહ.

જન્મ: સંવત૦ ૧૯૭૭ આષાઢ સુદ ૧૧ શુક્રે.
સ્વર્ગવાસ. સંવત૦ ૧૯૮૫ ફાગણ સુદ ૧૫ રવેઉ.



બે આત્મા

આ જગતરૂપી ફૂલવાડીમાં બે પુષ્પો ખીલ્યાં; ખીલતાંની સાથે જ આદર્શ જીવનની વણપ્રીછી આશાઓની સૌરભથી મ્હેકવા લાગ્યાં. અલૌકિક દુનિયાના નવ પ્રકાશિત કિરણોથી તેમની મહત્ત્વાકાંક્ષા રૂપી પાંદડીઓ પ્રકાશી ઉઠી. પ્રેરણાનાં અમી ઝરવા લાગ્યાં. પણ . . . પણ કાળવાયુનો એકજ સપાટો— બસ ખીલતી કળીઓ ત્યાં જ કરમાઈ ગઈ . . . ઊર્મિઓ ત્યાં જ અલોપ થઈ, અરે! આઘાત . . . દર્દ . . . અશ્રુ અને ઊંડા નિઃશ્વાસો વચ્ચે તે કોઈ એવી દૂર દૂરની પણ અમર મનાતી સૃષ્ટિમાં ચુંટાઈ ગઈ.

* *


એ બે માનવપુષ્પો હતાં. કોમળ



હૃદયમાં વિકાસ પામેલો તેમનો આત્મા પણ તેવો જ હતો. માત્ર અલ્પ જીવનદોરી લઈ પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જન્મેલ એમ તેમનું અકાળ અવસાન મને ભ્રાંતિ કરાવે છે. હૃદયમાં પ્રેરણાની સુવાસ હતી – આંખો મમતાનું પ્રતિબિંબ સૂચવતી. આદર્શ, લાગણીપ્રધાન, અને સુવિચારનું દર્શન દેનાર તેઓ યોગિની સમાન હતી.

* *

હૃદયમાં ઉમળકો – ભક્તિ ભાવનાનો ધ્વનિ અને તેવા જ પગલા સાથે બેન વીરમતીનો જન્મ થયો હતો. જન્મથી જ આ બેનની શારીરિક તંદુરસ્તી સારી હતી, અને તેથી કોઈપણ કપરા રોગનું દર્દ કદીએ તેમણે અનુભવ્યું ન હતું. બાળપણમાં સૌ કોઈ આનંદમાં દિવસો વ્યતીત કરે છે, કારણ કે જગતની બીજી કોઈ પણ વસ્તુનું જ્ઞાન



બાળકને હોતું જ નથી, અને તેથી તેના નિર્દોષ હાસ્ય અને નિસ્વાર્થપણામાં દરેકને જુદી જુદી રીતે બાળક માટે પોતાનું કલ્પના ચિત્ર દોરવું પડે છે. સમયનું વહન બહુધા વેગવાળું જ હોય છે, અને તે અનુસાર તે એનને બાળક મટી, કાલું ઘેલું છોડી, ગંભીરતામાં પ્રવેશવાનું થયું.

બાળપણથી જ વિદ્યા, કલા અને જ્ઞાનનાં ક્ષેત્રો તેમણે સારી રીતે ખેડવા માંડ્યાં. અઢારેક વર્ષની વયે પૂગતાં સુધીમાં તેમણે મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો હતો. વિદ્યા સંપાદનના સમય દરમીઆન તેમણે દરેક પ્રકારની એટલે કે ગૃહકાર્ય અને બહારનો જગત્ વ્યવહાર સમજવા તરફ લક્ષ કેળવ્યું હતું. કળાની દૃષ્ટિએ જોતાં પણ તેમણે સારો વિકાસ સાધ્યો હતો. "હિંદુ સ્ત્રી મંડળ"ના તેઓ સભ્ય હતાં, ત્યાં ભરત



ગુંથણના વર્ગોમાં શીખવા જતાં અને ઘણાએક સુંદર કારીગરીના નમુના તેમની ચિરકાલ યાદ માટે અવશેષ તરીકે મૂકી ગયાં છે. આથી એ વધુ ડ્રોઈંગ અને પેન્ટિંગ તેમનો માનીતો વિષય હતો, વળી તેમાં તેમની ઈચ્છા પૂર્ણ કલા સાધવાની હતી, તે માટે તેમણે "સ્કુલ ઓફ આર્ટ" ની સેકન્ડ એલીમેન્ટરીની પરીક્ષા પસાર કરી હતી. વાંચન પણ તેમને ઠીક ઠીક ગમતું હતું, અને નવયુગ વહન અનુસાર બંગાળી લેખકોના પુસ્તકો વિશે એમને સારો આદર હતો.

સ્વભાવે જરા ત્વરિત હતા, પરંતુ ભોળા હૃદયના મનુષ્યો કેટલેક અંશે ત્વરિત હોય છે, એમ મારૂં માનવું છે. આવી પ્રકૃતિ હોવા છતાં કોઈપણ સમયે અજુગતું તો થવા ન જ દેતાં. તેમના સમાગમમાં આવનારને તેમના ચિન્તનશીલ મનસ્વીપણાની ઊંડી છાપ



પડતી, વળી મળતાવડા સ્વભાવને અંગે તેમના સંપર્કમાં આવનાર પ્રત્યેકને તેમની યાદ રહેશે. સત્યપ્રિય અને દયાપ્રેમી હતાં. ગરીબો પ્રત્યે સમભાવની નજરે જોતાં.


ઇશ્વરભક્તિ પ્રત્યેની ભાવના પણ ઉચ્ચ કોટીની હતી. નિત્ય નિયમ મુજબ પરમેશ્વરનું સ્મરણ, ચિન્તન, મનન વગેરે કરતા. માતાને હમેશા નિવૃત્તિના સમયે ઠાકોરજીના વસ્ત્ર, શણગાર અને વિવિધ પ્રકારની સામગ્રી કરવામાં મદદ કરતા. આ બેને આધુનિક કેળવણી લીધી હતી, ઉપરાંત નવયુગના પવનની લહેરોમાં ઝુલ્યાં હતાં, છતાં એક સુંદર પ્રકારનો ભક્તિરસ મેળવવા ભાગ્યશાળી બન્યાં હતાં; તે એક કુદરતની સહાય જ કહેવાય અથવા તો ગત જન્મનું પુણ્ય ભક્તિમાર્ગ સાધવામાં માર્ગદર્શક નીવડેલ એમ લખવામાં જરાપણ અતિશયોક્તિ ન જ કહેવાય.



આવી સદ્‌ગુણી બેન માતાપિતા અને વડીલો પ્રત્યેની લાગણી અને ફરજમાં અચૂક હોય જ, તેમાં જરા પણ શંકા જેવું શું હોઈ શકે?

અંતિમ વિદાયની છેલ્લી સંધ્યાએ પણ તેમણે મને વીસાર્યો ન હતો – કેટલો ભ્રાતૃભાવ. પરંતુ કોણે જાણ્યું હતું કે આનંદને બદલે આક્રંદને માટે જ મને બોલાવવામાં આવ્યો હતો. નિર્દોષ હાસ્યને બદલે તેની ચિતા રચવામાં જ મારી જરૂર જણાઈ! અરે! કુદરત – કુદરત, તને શું ગમ્યું?

કેટલું ત્વરિત અને કરુણ ચિત્ર. આઠેક પહોરની નજીવી માંદગીમાં મૃત્યુએ તેમને સાદ કર્યો. હજુ તો જીવનની કેટલીએ આશાઓ જન્મવાની હશે! કેટલાંએ સ્વપ્ન સિદ્ધ કરવાના મનોરથો હશે. અનેક મહત્ત્વાકાંક્ષાઓ




ભસ્મીભૂત થઈ ગઈ. આ બધું આટલી યુવાન વયે નષ્ટ પામે તો કોને આઘાત ન થાય? પ્રભુ તેમના અમર આત્માને શાન્તિ અર્પે.

*   *


બેન રસિકમણી તો ભકિતભાવ, વિદ્યાદેવી અને રસિકતા એવી ત્રણે શકિતને સાથે જ લઈને આ માયાવી સૃષ્ટિ ઉપર જનમ્યાં હતાં. ગૌર વદન, ગોળ અને સુલલિત ચ્હેરો, પ્રસન્નતા અને પ્રશાન્ત ગંભીરતા તેમના દરેક કાર્યમાં ઉત્તમ સહાયક બનતાં. નાનપણથી જ કોઈપણ વ્યાધિનો સ્વપ્ને પણ ખ્યાલ એમને ન હતો, એટલે તંદુરસ્ત હોય એ સ્વાભાવિક જ છે. આટલુંએ છતાં પણ મહાન વિધાતાએ તેના આયુષ્ય માટે તો સંકુચિતતા જ દાખવી હતી. કારણ?—કોણ કહી શકે?

વિદ્યા, કલા અને જ્ઞાનમાં વધારો કરવાના



કોડ સીવાય જગતની એક પણ વસ્તુ તેમને સ્પર્શી શકતી નહીં. યોગ્ય ઉમરે મેટ્રીકની પરીક્ષા સહેલાઇથી પસાર કરી હતી. 'સેન્ટ ઝેવીઅર્સ કૉલેજ' તેમના આદર્શને અનુરૂપ જણાઈ તેથી તેમાં જોડાયાં. 'વિદ્યા સંપાદન કરવી અને બીજું કશું નહીં.' એવા તેમના આંતરિક ઉદ્ગારો અનેક વખત હું સાંભળવાને ભાગ્યશાળી બન્યો હતો. કલા તરફ નજર કરતાં તેમણે પણ મોટી બેનનો માર્ગ પસંદ કરી ડ્રોઈંગ અને પેન્ટિંગ શીખવામાં અવકાશનો સદ્ ઉપયોગ કર્યો હતો. તેમના થોડાક કલાના નમુના પોતાની 'શુભ યાદ પ્રસાદી' તરીકે ઘર આંગણે રાખી ગયાં છે.

એમના મીઠા અને હસમુખા સ્વભાવને લીધે કોઇપણ વ્યક્તિ સાથે સહેલાઇથી ભળી જઇ શકતાં. આજે તો આ બેન ભુતકાળની વાત બની ગયાં છે, તો પણ તેમની સ્મૃતિ



તેમના પરિચયમાં આવનારાઓના હૃદયમાંથી સ્હેજે ખસે એવી નથી. પોતે કોઈ પણ વસ્તુસ્થિતિનો પાકો ખ્યાલ કર્યા વગર વચ્ચે કદી ઉતરી પડતાં નહિ તે જ તેમના ગંભીર અને સમજુ સ્વભાવનું સૂચન કરે છે. આજના પ્રગતિશીલ યુગમાં પણ 'સાદાઈ અને સુવિચાર' નાં સૂત્રો છોડ્યાં ન હતાં. એ જ આદર્શ કેળવણી! દયાભાવ અને નમ્રતાને લીધે દરેકને તેમના તરફથી સારો સત્કાર મળતો.

ઈશ્વરભક્તિ પણ તેમને પ્રિય હતી. પોતાની બેનને અને માતાને સાથ આપી ઠાકોરજીના વસ્ત્ર અલંકાર બનાવવામાં અને તહેવારોમાં ફૂલની સેજ હીંડોળા વગેરે ગુંથવામાં બહુ જ ભાવથી મદદ કરતાં. જે કોઈ ઈશ્વરને નિર્મળ ભાવે ભજે છે તેને પ્રભુ પોતાથી વિદૂર નથી રહેવા દેતો એ સત્ય છે. કળિ-



કાળના વાતાવરણમાં 'પરમેશ્વર માત્ર ભ્રમ છે' એવા અર્થહીન શબ્દોના ધ્વનિ વચ્ચે પોતે રહેવા છતાં આવી ભક્તિ ઝંખના હોવી એતો ગત જન્મના સારા કૃત્યોને જ આભારી હોઈ શકે. ભક્ત માટે પરલોકમાં મુક્તિ શિવાય બીજું શું હોઈ શકે?

બેન બેન વચ્ચે અખંડ સંપ અને સ્નેહ હતો. આવી ગાઢ પ્રીતિવાળી બેનોની ગાંઠ છૂટે તો પછી એકના વગર બીજાના દિવસો કેમ વ્યતીત થાય? – થયું પણ તેમ જ. વડીલ બેનના અવસાન પછી તરત જ પોતે આઘાત અને વિયોગને લીધે માંદગીના બીછાને પડ્યાં. જુદા જુદા વિકરાળ દર્દોના ભયમાંથી મુક્ત કરવા અનેક પ્રયાસો કર્યા. આ દૃશ્ય ઘણું જ દુઃખદ હતું. એક બાજુ ગત બેનના શોકમાં દિવસો વ્યતીત કરતું કુટુંબ અને બીજી તરફ આ બેનને વ્યાધિની શરૂઆત.



દિવસોના વહન પછી એક 'કાળી ઉષા'એ એનના જીવનની આશા છોડી. સર્વેએ ઇશ્વર પર શ્રધ્ધા રાખી – શ્રીનાથજીની મૂર્તિ સુંદર વાઘામાં સજ્જ કરી દુઃખિત એન સમક્ષ ધરી. પાસેના દીપકમાંથી નીકળતા કિરણોનો આછો પ્રકાશ જરીયાન વાઘા ઉપર પડતો હતો, અને તેમાંથી અનેક કિરણો નીકળી ભક્ત જનોમાં અનેરી શ્રધ્ધા ઉપજાવતાં હતાં. વાતાવરણ માત્ર શાંત હતું. સ્નેહાળ માતાના મુખમાંથી છેલ્લા શબ્દો સર્યા, એ . . .ન, શ્રીજીબાવાના હેતથી દર્શન કર અને આ માળા ફેરવી તેમની આશીષ ઇચ્છ. એને માતાના પડતા બોલને છેલ્લી વિદાયે પણ સ્વીકારવાની તત્પરતા દાખવી, – તરતજ ઉમળકાથી ' ચરણ સ્પર્શ ' કીધા અને માળાના મણકા ફેરવી પ્રાર્થના પણ કરી. આવા સમયે માતા અથવા અન્ય જનો દેવઆરાધનામાં



'બેનના રક્ષણ' શિવાય બીજું શું ઇચ્છે? બધાએ માગ્યું . . . અને પણ માગ્યું. છતાં . . . જગતના તાતે માગણી નકારી – કારણ તો તેજ જાણે ને?

છેવટ લગી–છેલ્લા શ્વાસોચ્છ્વાસ સુધી માની આજ્ઞા પાળતાં અને અનેક વખત માતાને સાદ કરતાં સાથે ગત બેનડીની શોધ કરવા અલભ્ય સમાધિમાં પ્રવેશ્યાં.

એક આત્મા બે શરીરમાં વ્યાપેલો હતો, તો પછી એકના પંથે બીજાએ કેમ ન વિચરવું?

"ઇશ્વરેચ્છા બલીયસી" આ બેનના આત્માને પ્રભુ અનંત શાંતિ બક્ષો – એજ પ્રાર્થના.

☆

માતાપિતા

એનોના આવસાનથી અનેકના હૃદયમાં કાંઇને કાંઇ પ્રકારનું દુઃખ તો જરૂર થયું હશે, પરંતુ એ બધાના શોક કરતા અનેકગણો આઘાત માતાપિતાને થયો હશે. દેખીતું જ છે કે તેમણે કોઇના પણ કરતાં અધિક ગુમાવ્યું છે, એક પછી એક એવું દેહવિલયનું ક્રૂર દૃશ્ય નિરખતાં એ માતપિતાને કેટકેટલી યાતનાઓ થઈ હશે એનો વિચાર માત્ર કંપાવી દે છે.

સંદેહની કોઈ એમાં ખાસ વાત નથી કે વાત્સલ્યરસની પવિત્ર મૂર્તિ સમાન મનાતી માતાના સહજ સ્નેહની તુલના આ જગતમાં બીજી કોઇ પણ વસ્તુ સાથે કરી શકાય તેમ નથી. સબંધી જનોનો સ્નેહ તો બહુધા ઔચિત્યવિચાર અને મર્યાદાપરિપાલનની દૃષ્ટિથી જોવામાં આવે છે, પરંતુ માબાપનો સ્નેહ નર્યો વાત્સલ્યભાવ ભર્યો હોય છે; જે અમુલ્ય છે.

વિશેષ આદરણીય, સાચો અને નિઃસ્વાર્થ પ્રેમ જગતમાં માતાનો જ મનાય છે; અને તે સત્ય છે. માતાનું હૃદય કેટલું ઉદાર હોય છે! કોણ મહાસાગરનાં માપ કાઢી શકે? માતાનું હૃદય મહાસાગર કરતાં પણ વધુ વિશાળ હોય છે. 'મા' એક જ અક્ષરમાં વેદવાક્યથી એ વધારે જ્ઞાન છે, પરમ શાન્તિ 'મા' શબ્દમાં વસેલી છે.

યુવાન વયની કુમારિકા એટલા પાલનપોષણ પછી સ્વપ્ન સમાન વિરમે તો જરૂર વસમું લાગે અને તે સ્વાભાવિક છે. છતાં પણ 'નામ સાથે નાશ' એ સંકળાએલો છે જ અને તે સત્ય અનુસાર દરેક વસ્તુ ઉદ્ભવે છે ને વિલીન થાય છે. તો પછી જ્ઞાનીને વળી દુઃખ કેવું? ઈશ્વર દરેક માનવીના કલ્યાણ માટે જ કાર્ય કરે અગર કરાવે છે એ શ્રધ્ધાપૂર્વક માન્ય કરી દિવસો વ્યતીત કરવા; જેથી 'આત્મા' બ્રહ્મમાં સમાઈ જઈ પરમેશ્વર સાથે નિત્યની લેહે લગાવી ખરો બ્રહ્માનંદ મેળવી શકે.

ગત બેનો માટે ઇશ્વરસ્મરણ કરી પુણ્ય અર્પવું તે જ ખરૂં અર્પણ કહેવાય. તેઓના આત્માને પ્રભુ અનંત શાન્તિ બક્ષો – એજ પ્રાર્થના.

☆

અંજલિ

મારી સ્મરણઅંજલિમાં આ બન્ને બેનો માટે હવે વધારે શું હોય? કઇ કલમને અશ્રુમાં ભીંજવી તેમના આત્માને અંજલિ અર્પું?

મૃત્યુ દરેક માટે અનિવાર્ય છે, અને તે વહેલું કે મોડું સૌને માટે નિર્માણ થએલું જ છે. પરંતુ આવી આશાસ્પદ બેનોનું ન ધારેલું કે ન તો સ્વપ્ને વિચારેલું અવસાન થાય ત્યારે તો ખરેખર એના ક્રૂર કાળની સ્હામે 'ધિક્કાર' શબ્દ શિવાય બીજું શું હોઈ શકે?

જ્યારે જ્યારે હું તેમને મારા સ્મરણચક્ષુ સમીપ લાવવા યત્ન કરૂં છું, ત્યારે – સત્વર સામે જ દેખું છું. મને આંસુ સારતો જોઈ

એ બન્ને મારી દયા ખાય છે. કારણ પૂછું છું. – જવાબ નથી. – પણ આવો જ જવાબ હોઈ શકે ને? –

"He whom the Gods love, dies young"
(Menander)

ઇશ્વરકૃપાને વરેલા સદા અલ્પ આયુષ ભોગવે છે ખરું ને? હા! હજી પણ એ જ હસતો ચહેરો – એજ મમતા – એજ સ્નેહ યાદ આવે ત્યારે – ઉપરના વાક્યને સ્મરણમાં લાવી આશ્વાસન મેળવું છું.


આથી વધુ શબ્દોના સાથીઓ હું શા પૂરવાનો હતો! જીવનના મધુર રંગોથી પૂરાતા સાથીઆને અધૂરો મૂકી બન્નેનો આત્મા બીજી દુનીઆના પ્રવાસે ઉપડી ચુકયો. જતાં તેમણે કોઇને એક શબ્દ નથી કહ્યો – કોઈ પ્રત્યે રોષ નથી દાખવ્યો . . . અને તેથી યે અધિક એવું વિદાયનું દર્દ પણ નથી અનુભવ્યું. હસતાં હસતાં આવ્યાં અને હસતાં જ વિદાય લીધી. તેમની પાછળ અનેક હૃદયોમાં યાદગીરીની ચિતાઓ રચાઈ ગઈ છે, અને તે કદીએ બુઝાશે ખરી?

છેવટે પ્રભુ પાસે યાચું છું કે બેનોના આત્માને તારી ચરણરજ કરી મોક્ષપદે લઈ જા.

— **ભાઇ**

☆

'રાધા કૃષ્ણ'



(બન્ને બેનોએ ચિતરેલ એક પીછવાઈ ઉપરથી)



યુગલદર્શન

આકાશ કેવળ સ્વચ્છ હતું. સૂર્યનારાયણે પોતાના સોનેરી કિરણોવડે પૂર્વ દિશામાં આછો પ્રકાશ પાથરવા માંડયો. ધીમે ધીમે પણ મક્કમતાથી સૂર્યદેવ પ્રગટે છે, અને સૂતેલા જગતને નિદ્રામુક્ત થવાનો સંદેશો આપે છે. કમળનાં ફૂલો સૂર્યસન્મુખ પોતાનાં કોમળ મુખ ફેરવે છે. પંખીઓનો કિલકિલાટ પણ જાગૃતિના શબ્દો સૂચવે છે, અને પ્રભાતમાં ચારો ખોળવા માટે તેઓ પોતાના માળાનો ત્યાગ કરી દૂર દૂર ઉડવા નીકળે છે. જળાશયમાં અને એવાં બીજાં સ્થળોમાં સૂર્યના પ્રતિબિમ્બનું





દર્શન થાય છે. ઉજ્જૈનની સમૃદ્ધિની મનોહરતા પણ એટલી જ છે. નગરમાં અને તેની બહાર જાગૃતિ, આનંદ, ઉત્સાહનું વાતાવરણ જામેલું છે.

આવી ઉજ્જૈનની સમૃધ્ધિમય નગરીમાં વૃદ્ધ પુરણમાસીજી પોતાના પુત્ર સાંદીપનિ ઋષિ સાથે રહી પોતાની ઉત્તરાવસ્થા વ્યતીત કરતાં હતાં. પુરણમાસીજીને એક ઉષાએ પોતાનું શેષજીવન વૃંદાવનમાં રહી ઈશ્વર ભક્તિમાં વ્યતીત કરવાની કાંક્ષા જાગી. પોતાના પ્રિય પુત્ર સાંદીપનિને પોતાની ઇચ્છા વ્યક્ત કરી, તેની સલાહ માંગી. માતુશ્રીના આવા વચન સાંભળી સાંદીપનિ ઘણા જ પ્રસન્ન થયા, કારણ કે તે ભૂમિનો સંબંધ પોતાના માનીતા શિષ્ય શ્રી કૃષ્ણનું પુનઃ સ્મરણ કરાવતો હતો. તે ઉપરાંત તે ભૂમિ શ્રી ગોપાલના પાદ-



કમળને સ્પર્શી અનેક વાર પવિત્ર બની ચૂકી હતી, તેથી પુરણમાસીજીની મનકામનાને સાંદીપનિ તરત જ અનુકૂળ થયા. કોને સાથે લેવા અને ક્યારે જવું એટલું જ માત્ર વિચારવાનું હતું, આ વસ્તુસ્થિતિનો વિચાર કરતાં પુરણ-માસીજી બેઠાં હતાં.

કૃષ્ણભક્ત અને આનંદી એવી એક બ્રાહ્મણબાઈ નામે નંદીમુખી તેમની સારી સેવા ચાકરી કરતી હતી. નંદીમુખીને સાથે લઈ જવાનો મનસુબો કરી તેને હળવેથી બૂમ પાડે છે.

પુરણમાસીજી :

નંદીમુખી, અરે ઓ નંદીમુખી.

[બીજા ખંડમાંથી]

નંદીમુખી :

જી... આવું છું, માતાજી. (નમસ્કાર કરી સન્મુખ ઉભી રહે છે.)

પુરણમાસીજી :

આવ, મારી કને બેસ. જો હવે હું વયોવૃદ્ધ થઈ છું; તેથી હું મારૂં જીવન ઇશ્વર સ્મરણમાં વ્યતીત કરવા ઇચ્છું છું – તું મારી સાથે આવીશ?

નંદીમુખી :

એ શું બોલ્યાં માતાજી? મને તે એમાં પૂછવાનું શું હોઈ શકે? હું તો તમારાથી એક પળ પણ અળગી રહી શકું તેમ નથી. જ્યાં તમે ત્યાં હું. જરૂર આવીશ. તમારૂં વચન મને આજ્ઞારૂપ જ છે, તેથી તેનો વિચાર કરતી હું બેસી રહું એવી મૂર્ખ નથી. મારી પણ




ઉત્તરાવસ્થા ક્યાં નથી? મારા તો અહોભાગ્ય કે છેલ્લા દિવસો તમારા જેવા સાધુચરિતના સહવાસમાં ગાળવાનો પ્રસંગ મળે છે. આ તો શંખને વળી દૂધે ભર્યો એવો યોગ છે. પ્રભુનું સ્મરણ અને તમારી સેવા એથી અધિક બીજું શું હોઈ શકે?


પુરણમાસીજી :

ઠીક—જા. તું જવાની તૈયારી કર. (નંદીમુખી જાય છે. પછી પોતાના પ્રપૌત્રને બોલાવે છે.) એ બેટા મધુમંગળ! ક્યાં ગયો? જરા કોઈ એને બોલાવશો? (એટલામાં મધુમંગળ દોડતો આવતો નજરે પડે છે.)

મધુમંગળ :

(પ્રણામ કરીને) મને બોલાવવાની જરૂર નથી. શી આજ્ઞા છે?





પુરણુમાસીજી :

જો ભાઈ, તારે અમારી સાથે વૃંદાવનમાં આવવું છે ?

મધુમંગળ :

શા માટે ? કેમ નહીં ? મજા તો પડશે જ. (કંઇક ઉતાવળે) હા . . . હા, હું તો જરૂર આવીશ.

પુરણુમાસીજી :

તારી મરજી ન હોય તો પરાણે ન આવીશ.

મધુમંગળ :

માજી મને તો તમારી સાથે આવવાથી એક પંથ અને બે કાજ જેવું છે.

પુરણુમાસીજી :

(ન સમજવાથી) એ કઈ રીતે, બેટા ?

મધુમંગળ :

જુઓને માજી, એક તો મારા બાલસખા ગિરધારીને મળાશે, અને . . . અને સાથે માખણ મીસરી પણ ચોરીને ખવાશે.

પુરણમાસીજી :

(હસતા હસતા અને મધુમંગળને માથે હાથ ફેરવતા.) ઠીક બેટા, તું પિતાની આજ્ઞા લઈ, આવવાની તૈયારી કર.

મધુમંગળ :

તે એ આજ્ઞા તમે ન લઈ આપો ? પિતાજીને તમે આજ્ઞા જ કરો તો ?


પુરણમાસીજી :

વારૂ બેટા, જા એમ કરીશ.



[સર્વેએ પોતપોતાની તૈયારી કરી નિવાસસ્થાનને છેલ્લા નમસ્કાર કર્યા. વૃંદાવનની મંગળ સૃષ્ટિના ચિંતનમાં બધાંનાં ચિત્ત ચઢી ગયાં. પંથ લાંબો હતો પણ સરળ હોઈ બધાં જ સુખેથી પોતાના ઇચ્છિત કેન્દ્રમાં કેટલાએક દિવસો બાદ આવી પહોંચ્યાં. રોજના કાર્યક્રમથી પરવાર્યાં પછી ભાવપૂર્વક શ્રી મનમોહનનું સ્મરણ કીર્ત્તન કરવા લાગ્યાં. ભક્તને સમય કે સ્થાન ભક્તિ માટે કદી પણ વિચારવાનું હોતું જ નથી. ગોવિંદના ગુણગાન થતાં હોય તે સ્થળ હમેશાં પવિત્ર બને છે. [ભક્તિગાનમાં બધાંને લીન જોઈ મધુમંગળ પોતાના મિત્ર ગોપાલની શોધમાં નીકળે છે. માર્ગમાં થોડે દૂર કનૈયો પોતાના સખામંડળ સાથે બંસીની ધૂન લગાવતો એક ઝાડ નીચે બેઠેલ નજરે પડે છે.]





મધુમંગળ :

(હર્ષથી) કનૈયા, કાના, ગોપાલ.

કૃષ્ણ :

મધુ, ઓહો મધુમંગળ, તું ક્યાંથી ભાઈ? આજ કંઈ બહુ દિવસે? (**એક બીજા ભેટે છે. હર્ષના ઉલ્લાસમાં બન્ને અવાચક બને છે.**)

કૃષ્ણ :

(થોડીવાર પછી) શું માતાજી પણ આવ્યાં છે?

મધુમંગળ :

આવે જ તો. માતાજીના આવ્યા વગર હું મારા બાલમિત્રને ક્યાંથી મળી શકું? ખરું ને?

કૃષ્ણ :

તદ્દન સત્ય. ચાલ ઘરે, જશોદામાને મળવા. [બધા જાય છે.]



[મધુમંગળ અને કનૈયાનું પ્રથમ મિલન ન ભૂલાય એવું હતું. બંનેએ ઉમળકાભેર પોતાને વિશે ખૂબ વાતો કરી. એ સમયે તો આનંદ મંગળની જાણે રેલ જ ચાલી. દિવ્યતાની પાસે નિર્દોષ માનવતા જાણે ખેલ ખેલી રહી. એ દિવસ મધુમંગળના જીવનનો અદ્દભુત પ્રસંગ હતો. એવામાં કેટલાક દિવસો પછી વસંત ઋતુ આવી. કોઈ એવા પરવણીના શુભ દિવસે દેશદેશાવરથી ઘણાએક ભાવિક ભક્તો શ્રીવૃંદાવનની શોભા નિહાળવા ભેગા મળ્યા. પવિત્ર સ્થળો ગમે તેવાને ઘડીભર તો ઈશ્વરની લીલાનો અલૌકિક ખ્યાલ આપે છે. આવું પૂણ્યધામ જોઈ તેઓનાં હૃદયકમળ વિકસ્યાં એટલે તેઓ જુદી જુદી રીતે શ્રીગિરધારીને ભક્તિથી રીઝવવા લાગ્યા.



જપ-તપ-અને ધ્યાન એ માર્ગ કોઇને પણ ઈશ્વરની લીલાનું, અરે સાક્ષાત્ ઈશ્વરનું પણ દર્શન કરાવી શકે છે.]

પુરણમાસીજી:


(નંદીમુખી પ્રત્યે) આ રળીઆમણી વસંત ઋતુમાં જો ભગવાન કૃપા કરે અને તેમની લીલાનાં દર્શન ભક્તોને કરાવે તો આપણું જીવન સફલ થાય. નહીં વારૂ?

નંદીમુખી:

હાસ્તો, તમારૂં કહેવું સત્ય છે; પણ ઈશ્વર માયામાં ફસાએલા અંધ માનવી માટે એટલો રેઢો ક્યાં પડ્યો છે? જીવનનો....

પુરણમાસીજી:

(વચ્ચે) હા...તને એક માર્ગ બતાવું છું. જો તું વ્રસભાનપુર જા, અને ત્યાં



રાધાજીની સખી લલિતા તથા વિશાખાને મળી તેમને કહેજે કે તેઓ શ્રીકૃષ્ણની છબી રાધાજીને બતાવે. બસ પછી આપણી ઈચ્છા પરિપૂર્ણ થઈ એમ સમજજે.

નંદીમુખી :

એ કેમ બને, માજી ?

પુરણમાસીજી :

લે, એટલુંયે ન સમજી ? જો છબીમાં મુરલીધરનું સ્વરૂપ જોવાથી રાધારાણીને શ્રી કૃષ્ણ દર્શનના કોડ જાગશે.

નંદીમુખી :

હા, હવે બરાબર સમજી. એટલે પછી શ્રી કૃષ્ણના દર્શન કરવાનું આપણને સુગમ પડે, એ જ કની ?

પુરણમાસીજી :

બસ ત્યારે જા. હું વાંચ્છું છું કે કામ સફળ થશે. [નંદીમુખી જાય છે.]

[બીજે દિવસે પુરણમાસીજી નંદીશ્વર તરફ ફરતાં હતાં, અને ત્યાંથી સ્વગૃહે પાછાં ફરતાં પાદરમાં જ, – નંદગામને ગોંદરે શ્રી કૃષ્ણ તથા બલરામને પોતપોતાના સખાઓ સહિત ગૌધન ચરાવવા લઈ જતા જોયા. નંદરાય અને જશોદાજીને પણ સાથે જતા નિહાળ્યા. પુરણ-માસીજીને કંઈક કૌતુકનો આનંદ ઉપજ્યો અને તેથી એ ત્યાં આતુર હૃદયે ઊભાં રહ્યાં.]

નંદરાય :

(ગોપને સંબોધી) ભૈયા, હવે કૃષ્ણ કંઈ બાલકમાં ન ગણાય ખરું ને ? અને તેથી એક લાયક ગોપની કન્યા જોઇ આપણે . . .



જશોદા :

(વચ્ચે) હં . . . હં હું સમજી. કૃષ્ણ માટે કન્યા અને તે વળી આ ઉમ્મરે ? અરે ! તમે બધા એમ કેમ બોલો છો ? મારો કાન કુંવર તો હજી બાલક છે. જાણતા નથી કે પેલા મુવા રાક્ષસો તો ખાઈ પીને એની પૂઠે પડ્યા છે. તમે એમાં વળી આ નવું વ્રત ક્યાં ઊભું કરો છો ?

ગોપ :

હા...રે...હા, પણ એક વાત કેમ ભૂલી જાવ છો ? આજ સુધી તો તમારો નંદકુમાર એ સૌને પૂરો પડયો છે. ભગવાનનું નામ લ્યો, એને શું થવાનું છે ? અને ઝટ લઇને ચાંલ્લો કરી નાખો, જશોદાજી !

જશોદા :

ભગવાન, ભગવાન શું? એ તો બેઠો છે! વૈકુંઠમાં તો! વળી અપ્સરાના નાચમાંથી પરવારે ત્યારે આપણું સાંભળે કની?


ગોપ :

વાહ ભઈ, આ તો નવી વાત કહી! જશોદા માતા તમે એ કાનાને હજી જાણતાં નથી તો. એ તો કામણગારો છે . . . કામણ . . . પેલા યોગીમુનિઓ પણ અહીં છેક દૂર દૂરથી આવી એના દર્શન કરી વખાણ કરે છે. ત્યારે તમે વળી આમ કેમ કહો છો? ડરો છો શેનાંજે? એને કોણ કશું કરનાર છે? એ તો સૌને પહોંચે એવો જાણો, માતાજી!

જશોદા :

વાહરે...વાહ! તું પણ ખરો મળ્યો. પણ





જોજે હું કાંઈ એમ ઝટ ભોળવાઈ જાઉં એવી નથી જ તો! એ જોગટાઓ તો મુવા ચપટી ચોખા વધુ લેવા કંઈ કંઈ બોલે. એ તું હજી ન સમજે. મેં કેટલુંએ જોયું છે, ને હવે આ પળિયાં આવ્યાં તે એમના એમ નથી આવ્યાં, હો ભાઈ!

[નંદરાયજી જશોદાનું કહેવું સ્વીકારતા હોય તેમ ડોકી નમાવી નિરૂત્તર રહ્યા.]

[કૃષ્ણના બાલમિત્રોને ગમત કરવાના કોડ જાગે છે.]

મધુમંગળ :

(હસતાં હસતાં પણ કાંઇક સંકેતથી) લે કૃષ્ણ તાલી, ખરું ભૈયા, જશોદામાતા શું કહે છે સાંભળ્યું ને–"કનૈયો હજી બાલક છે." વાહરે વાહ! તું બાલક પણ ખરો? ને જશોદાજી પણ

ખરાં! પણ એ ભોળાં માજીને ક્યાં ખબર છે કે તું કેવો વિચિત્ર છે. તને તો આખું વૃંદાવન જાણે છે. ઠીક ને?

કૃષ્ણ :

ઠીક ને ઠીક કરતો ચૂપ રહે! ભલે હું વિચિત્ર હોઉં. પણ તું આ બધા સમક્ષ આવું કહે તે સારું ન જ કહેવાય. તારે તો . . .

બલરામ :

(વચમાં જ) ચાલો હશે. પિતાજી અને માતાજી, તમે ઘેર પધારો. અમે ગૌધન ચરાવવા જઇશું. તમો નિશ્ચિંત રહેજો.

જશોદા :

વારૂ બેટા! જાઓ વ્હેલા આવજો!

[બધાં વીખુટાં પડે છે.]





[શ્રી પુરણમાસીજી આ સંવાદ ત્યાં ઊભાં ઊભાં સાંભળતાં હતાં, અને પછી પ્રસન્ન વદને પોતાની પર્ણકુટીના માર્ગે વળ્યાં. નંદીમુખી પણ પોતાનું કામ વ્રસભાનપુરથી ઉકેલી વહેલી વહેલી સેવામાં હાજર થઇ. પછી એક દિવસ કામકાજથી મુક્ત થઈ શ્રી પુરણમાસીજીએ લાડુ બનાવ્યા. એક મથનીમાં બધા લાડુ ભરી, બંને વન તરફ જવા નીકળ્યાં. થોડેક ગયા એટલામાં શ્રીકૃષ્ણને પોતાના સખાઓ સહિત ગાયો ચરાવતા જોયા. કોઇના પણ દીઠામાં આવતાં પહેલાં પુરણમાસીજી પાંસેના એક ઝાડીના જૂથમાં ભરાઈ જઈ, છાનાંમાનાં કનૈયાની જ્ઞાનગોષ્ટિ સાંભળવા લાગ્યા.]

કૃષ્ણ :

બલરામ જુઓ તો ખરા, આ વનની



શાભા કેટલી મનોરંજક છે! પેલાં ફૂલો કેવાં ખીલ્યાં છે! ઝાડ ફલફલાદિથી કેવાં લચી ગયાં છે. એ બધા મને વિનંતિ કરે છે, કે હું તેમને મનુષ્યદેહ પ્રાપ્ત કરાવું.

બલરામ :

એથી શું ?

કૃષ્ણ :


ન સમજ્યા? આપણી સાથે ગાયો ચરાવવાનું મળે વળી મારી મુરલીની ધૂનથી તેમને આનંદ પડે.

બલરામ :

તું પણ આજ ઠીક ગપ મારે છે.

ગોપ :

(બલરામને) તમારું કહેવું ખરું છે! બંસીની ધૂન અને ગાયો એ બધું વૃક્ષ એને



કહે અને તે વળી આપણને સમજાવે. વાહ ! કહે તે બી દિવાના, સુનતે બી દિવાના !

મધુમંગળ :

ના, ના, એમાં તો કાંઇ અજબ જાદુ ભર્યું છે. મુરલીના શ્રવણે તો કંઇકને પ્રભુનાં સત્ય દર્શન થયાં છે. અહો ! ધન્ય છે વાંસળીને, ને એના વગાડનારને !

સુબાલ :

બરાબર, એક વાર, એક યોગીરાજ પણ કહેતા હતા.

સુદામા :

એ ભાઇ, હવે બધા એ વાત જ મૂકોને પડતી ! મારા તો પેટમાં લાગી છે. મુરલી

અને કૃષ્ણ એ બધાંથી કાંઈ કોઇની ભૂખ થોડી જ ભાંગવાની છે?

સુબાલ :

ત્યારે જા જશોદા મા પાસે. ખાઉધરા!

કૃષ્ણ :

અરે! એને એમ ન કહે. મારા મિત્ર માટે હું ગમે ત્યાંથી ખાવાનું લાવી આપીશ. કહે તો પેલી સુકી વેલી પાસેથી પણ લાડુ અપાવું.

[એમ બોલતા બોલતા કૃષ્ણ બધા સાથે જ્યાં પુરણમાસીજી છૂપાઇ બેઠાં હતાં તે જૂથ પાસે આવ્યા.]

સુદામા :

જા! જા! મશ્કરીઓ શું કરે છે? મને બનાવવાની ઠીક પેરવી રચી છે.

કૃષ્ણ :

તારી મશ્કરી ! સુદામા ! ખરું કહું છું, તું ઝટ દઈને હા કહે એટલે લાઉ ઉ . . . લાઉ. ચાલ વખત ન લગાડ.

સુદામા :

ઠીક ભાઈ, ખવરાવ ત્યારે.

કૃષ્ણ :

(સૂકી ઝાડી પાસે સ્તુતિ કરે છે) હે વનદેવી, મારા બાલમિત્રો ભૂખ્યા છે, કાંઈ પણ ભૂખ શાન્ત થાય તેવું આપો. હે વનદેવી . . .

[અચાનક કેમ જાણે તેની સ્તુતિથી પ્રસન્ન થયા હોય એમ શ્રી પુરણમાસીજી પ્રગટ થયાં અને કૃષ્ણને માથે હાથ મૂકી કહેવા લાગ્યાં.



અરે કનૈયા, લે આ લાડુ. બધા સુખેથી ખાવ.]

[આ જોઈ બધા અચંબો પામ્યા.]

કૃષ્ણ :

(નમન કરી) તમે બહુ જ કૃપા કરી, અચાનક આ લાડુ ક્યાંથી લાવ્યાં માજી ?

પુરણમાસીજી :

સાંભળ, આ લાડુ તો રાધાજીની નાનીએ તમારા બધા માટે મોકલ્યા છે.

કૃષ્ણ :

એમ ? વળી કાંઇ ઉત્સવ જેવું છે કે શું ?

પુરણમાસીજી :

(હસતા હસતા) કેમ નહીં ? અરે ! આજ તો વ્રસભાનપુરમાં કીર્તિજીનાં દીકરી રાધિકાનું



સગપણ જટિલાના દીકરા અભિમન્યુ સાથે થયું છે, અને તેનીજ ખુશાલીની આ પ્રસાદી છે. બરસાણામાં આજ મોટો ઉત્સવ છે, તે શું તું નથી જાણતો ? *

કૃષ્ણ :

(વિચારમગ્ન દેખાય છે) હું બધું જાણું છું. તમારી સહાયતા વગર મારા મનોરથ કોણ પૂરા કરશે ?

પુરણમાસીજી :

માર્ગ છે. કહું, સાંભળ, આ વસંત ઋતુમાં સર્વે વ્રજનારીઓ પોતાનો માનમર્તબો છોડી આ વનમાં ફૂલ વીણવા આવશે. તે સમયે . . .

---

* ખરી રીતે રાધાજી હજી કુમારાં જ છે, પરંતુ આ તો માત્ર એક બીજા ઉપર હાર્દિક પ્રેમ



કૃષ્ણ :

(વચ્ચે) સમજ્યો, સમજ્યો.

[પુરણમાસીજી વિદાય લે છે.]

પછી સઘળા ગોપ એકઠા મળી યમુનાજીના તટ પાસે એક વૃક્ષ નીચે બેસી, લાડુનું ભોજન કરી પરવારે છે.

કૃષ્ણ :

ચાલો કુંજવન તરફ જઈએ.

[બધા જાય છે.]

કૃષ્ણ :

સુદામા, અહીં આવ તો !

કેટલો છે, તે જોવા માટે શ્રી પુરણમાસીજી ઉપરનું વાક્ય ઉચ્ચારે છે.



સુદામા :

કેમ ? મારું વળી શું કામ પડ્યું ?

કૃષ્ણ :

(કાનમાં) રાધાજીને મળવાનો કાંઇ તું ઉપાય ન બતાવે ?

સુદામા :

(વિચાર કરી) હા બરાબર – જો કૃષ્ણ તું બંસીસ્વર શરૂ કર. એટલે પછી તારું કામ પત્યું. કેમ ખરું કહ્યું ને ?

[બંસીનાદ દૂરદૂર ગાજે છે]

[વ્રસભાનપુર ગામ : રાધા, કૃષ્ણની છબી જોયા પછી વિચારમાં લીન છે. અન્ય ગોપીઓ એને નિહાળી રહી છે. વનવેણુનો મીઠો સ્વર રાધાના કર્ણને સ્પર્શે છે. એ પ્રિય ધ્વનિ





નંદીમુખીના સંકેત પ્રમાણે . . . લલિતા કૃષ્ણની છબી રાધાજી સમક્ષ ધરે છે.

રાધિકાને જાગૃત કરી, દૈવી શક્તિ અર્પણ કરે છે. રાધારાણી હવે વન તરફ પ્રયાણ કરે છે.]

લલિતા :

બસ, બસ, હવે અહીં જ થોભો. વધારે આગળ જવું ઠીક નહીં.

રાધા :

શા માટે ?

વિશાખા :

શા માટે ? તે ત્યાં કામદેવ સ્વરૂપ દેવ રહે છે, વળી તેની મીઠી મોરલીથી કોઈ પણ આકર્ષાયા વગર રહેતું જ નથી.

રાધા :

ખરી વાત છે. હું પણ તેજ કારણે વિહ્વલ







બની છું. બંસીજ મને અહીં ખેંચી લાવી છે. ચાલો હવે જલદી ઘર તરફ વળીએ.

[બધાં પાછાં ફરે છે.]

[થોડા દિવસો વ્યતીત થયા પછી, એક સમયે રાધાજી વિચારમાં લીન બેઠાં હતાં. આ લાગ જોઈ લલિતા અને વિશાખાએ સ્હેજ આનંદ કરવાની ખાતર રાધિકા સમક્ષ શ્રી મુરારિનું ચિત્ર ધર્યું. અચાનક હર્ષને બદલે વિચિત્ર પ્રસંગ આવ્યો, ચિત્ર જોતાંજ રાધાજી મૂર્છાગત થયાં. ઘર આંગણે બધે અસ્વસ્થતા વ્યાપી. થોડી વારમાં રાધાજીની માતા કીર્તિજી અને તેમની દાસી મુખરા આવી પહોંચ્યાં. કોઈથી આ અવનવા રોગનું કારણ સમજી શકાતું નથી. બધાયે ઉપચારો રાધાજીને ભાન



લાવવામાં નિષ્ફળ નીવડ્યા. કીર્તિજી કોઈ વયોવૃધ્ધને બોલાવવા નીકળે છે. માર્ગમાં થોડે છેટે પુરણમાસીજીને નંદીશ્વર ભણી જતાં જોય છે.]

કીર્તિજી :

ઓ માસીજી, અરે પુરણમાસીજી, જરા અહીં પધારો.

[પાસે આવે છે.]

પુરણમાસીજી :

કેમ, બધાં કુશળ છે ને?

કીર્તિજી :

(વિહ્વળ બની) અરે! તમે જલદી જુઓ તો ખરાં આ મારી રાધાને શું થયું છે. તે આમ બેભાન કેમ થઈ હશે?



પુરણમાસીજી :

(આશ્વાસન આપે છે.) તમે ચિન્તા ન કરો. હું ઉપાય કરૂં છું. (વિચાર કરી) આવી સ્થિતિમાં રાધા કાંઇ બોલે છે ખરી ?

લલિતા :

હા, માજી ! કંઈક 'માળા' 'માળા' એવા અસ્પષ્ટ ઉદ્ગારો કાઢે છે અને બીજું પણ થોડું ન સમજાય તેમ બકે છે.

પુરણમાસીજી :

(કારણ સમજી) એમાં શું ? જઈને જલદીથી શ્રીકૃષ્ણને બોલાવો, કારણ કે તે સર્વશ્રેષ્ઠ અને જ્ઞાની ગોપ છે. તમને તે ઉપાય બતાવશે.

કીર્તિજી :

અમારે કોઈને બોલાવવા નથી. તમારા



આશીર્વાદથી સૌ સારાંવાનાં થશે. મારી ખાત્રી છે.

પુરણમાસીજી :

(રાધાના કાન નજીક બોલે છે) ઓ શ્રેષ્ઠ ગોપની બેટી ! આવું તમને ન શોભે. ઊઠો.

[રાધા જાગૃત થાય છે.]

રાધા :


(પ્રણામ કરી) મારી મનોવાંછના તમે જ પૂરી કરશો. મારૂં મન અહીં કોઇ સમજતું નથી, ને હું કોઇને સમજાવતી નથી–સમજાવી શકતી નથી.

પુરણમાસીજી :

બેટા ! રાધિકા ! જા, મારો આશીર્વાદ છે.

[પુરણમાસીજી વિદાય લે છે.]





[પુરણમાસીજીના ગયા પછી રાધાજી સખીઓને સાથે લઈ યમુનાજીમાં સ્નાન કરવા પધારે છે. સ્નાન વગેરેથી પરવાર્યા પછી સૌ કોઇ સખીઓ એક બીજાની મશ્કરી કરી આનંદ કરે છે. રાધાજી સૌ વિહોણા બેસી વિચારતરંગમાં લીન થયાં છે.]

ચન્દ્રાવલી :

અરે એકલડાં મૂંઝાવું,
અહીં બંસીધર ક્યાંથી લાવું ?

લલિતા :

અલી ચન્દી ! પણ એને તારી કશી પડી છેજ ક્યાં ? એ તો એના વિચારમાં મશગૂલ છે. રાધા ! રાધુ ! . . . ઉંહું ! તલ્લીન એ તો.

ચન્દ્રાવલી :

એને કોઇએ કામણ કર્યું લાગે છે, અને તેથી જ તે દિવસે તીર લાગ્યું હતું, નહીં ? એ તીર . . .

લલિતા :

(વચ્ચે) બસ. કોનું તીર એ પણ હું જાણું છું તો. એનું નામ દે એટલે એ બોલવાની.

ચન્દ્રાવલી :

ના, ના, જવા દે. વખતે વધારે ખીજાશે.

લલિતા :

તો ખીજાવા દે ને ! જો.

રાધાકૃષ્ણ ! બોલો રાધાકૃષ્ણ.

રાધાકૃષ્ણ ! રાધાકૃષ્ણ ! રાધાકૃષ્ણ !



રાધા :

લલિતા ! શું બોલે છે ? તને ખબર નથી કે એ નામ મને નથી ગમતું ?

લલિતા :

નથી ગમતું ? ઠીક ત્યારે મોઢું બંધ.

રાધા :

વારૂ, વારૂ, હવે મને પજવ નહીં.

[એક પછી એક સખી જાય છે.
રાધા અને વિશાખા બેઠાં છે.]

વિશાખા :

રાધા, આજ તારો આનંદ ક્યાં ઓસરી ગયો છે? કોનું સ્મરણ કરે છે, તે તો કહે.


રાધા :

સ્મરણ કૃષ્ણનું, તારૂં નહીં.





રાધારાણીનો . . . 'પ્રથમ પત્ર'



વિશાખા :

સ્મરણ કરે શું વળશે? કૃષ્ણને બોલાવવા પત્ર લખ એટલે પત્યું.

રાધા :

હા, હા, ઠીક સૂચવ્યું. લાવ લખું. (પત્ર લખે છે.)

મુરલીધર,

મારા જીવનનું અમૃત! મારા આત્માનો આનંદ! તમારું સ્વરૂપ અને દર્શન મારા નેત્રરૂપી દ્વારમાંથી પ્રવેશી હૃદયરૂપી મંદિરમાં પ્રભુત્વ સ્થાપી ચૂકયાં છે. વનવેણુના નાદ હજીએ મારા કર્ણદ્વાર પર ગુંજી રહ્યા છે. આહાહા! શા મીઠા સૂરો! મારું સર્વ કાંઈ

તમે જ છો. સકળ વિશ્વના આધાર! તમારા વિના હવે મારામાં જીવવાનું સામર્થ્ય નથી.

ગોપાલ! ગોપાલ! આથી અધિક શું હોય?

ચરણરજ,


રાધિકા.

[રાધાજીએ પત્ર પુરો કરી એક માળા ગુંથી. પછી એ બન્ને વસ્તુ વિશાખાને આપી શ્રીકૃષ્ણને પહોંચાડવાની સૂચના કરી મોકલી. વિશાખા કૃષ્ણને શોધતી નંદનવનમાં ગઈ. એક કદંબના ઝાડ નીચે પોતાના સખામંડળ સહિત કૃષ્ણને બેઠેલા જોયા. વિશાખાએ નમન કરી પત્ર, માળા વગેરે ગોપાલને અર્પણ કર્યાં]

કૃષ્ણ :

કોણે મોકલ્યાં છે?





વિશાખા :

કનૈયા, તમારે માટે અમારી સખી રાધિકાને માન છે, માટે આ સ્મરણચિહ્ન મોકલ્યાં છે.

કૃષ્ણ :

(અજાયબીથી) સ્મરણચિહ્ન! પણ તારી રાધિકાને કોણે જોઇ જ છે?

વિશાખા :

એમ! મને બધી ખબર છે. હવે વધુ છુપાવવાથી શો લાભ? મુરલીધર, તમે જ્યારે ગોવર્ધન તોળ્યો ત્યારથી જ અમારી સખી રાધાજીનું મન તમે ચોર્યું છે. તમે ચોર છો. માટે જ અસત્ય બોલી છુપાવવાનો યત્ન કરો છો. નહીં વારુ?



કૃષ્ણ :


(મધુમંગળ તરફ જોઇ) જોયું કે ભાઈ? ખોટો આક્ષેપ મારા ઉપર મૂકવામાં તેની સખી કેવી ચપળ છે? હું તો હમેશ મારા સખામંડળ સાથેજ ફરૂં છું. કેમ મધુ, ખરૂં ને?

મધુમંગળ :

ખરૂં જ તો. જો વિશાખા, સંભાળીને બોલજે. અમારો મિત્ર તો બાલબ્રહ્મચારી છે, એને આવી બાબતમાં બીલકુલ રસ નથી.

વિશાખા :

તમે બધા એક બીજાથી અધિક કપટી છો. અમારી સખી તો કેટલીએ ભોળી છે.



મધુમંગળ :

કપટી! અહં. ત્યારે અહીં અમારી પાસે શા માટે આવી? તમારે ઘેર જ પડ્યાં રહોને!

વિશાખા :

પડ્યાં રહીશું – તને શું છે? બોલો નંદકુમાર તમારો શો ઉત્તર છે?

કૃષ્ણ :

ઉત્તરમાં તો તને ખાલી હાથે ન વિદાય કરવા ખાતર આ મંગળ માળા આપું છું. તે રાધુને આપજે. [વિશાખા જાય છે.]

મધુમંગળ :

કનૈયા, તારે રાધાજીને જોવાં હોય તો એક સુંદર માર્ગ બતાવું.





કૃષ્ણ :

બતાવને ભાઈ!

મધુમંગળ :

જો અહીંથી આપણે આદિત્યના મંદિરે જવું. પછી ત્યાં રાધા દર્શને આવશે એટલે તને દેખાડીશ.

કૃષ્ણ :

પણ પેલાં પુરણમાસીજી ક્યાં રહે છે?


મધુમંગળ :

એ પણ ત્યાં જ એટલામાં રહે છે.

કૃષ્ણ :

(હર્ષથી) ચાલ, બધાને બોલાવ આપણે સાથે જઈએ. [કૃષ્ણ બંસી વગાડે છે.]





ગોપમંડળ :

કનૈયા ! કનૈયા ! ક્યાં સંતાઇ ગયો ?

કૃષ્ણ :

અરે તારીની ! બંસી સાંભળી એ લોકો તો આવી લાગ્યા. મધુમંગળ ચાલ જરા મજા કરીએ.

[બન્ને પોતાને છુપાવવા એક ઝાડ ઉપર ચઢી જાય છે.]

ગોપ :


કનૈયા ! એ કનૈયા !

સુદામા :

અરે ! આટલામાં જ હશે.

સુબાલ :

બાપ, થાક્યા એનાથી તો બલરામ ! તું એનો ભાઈ છે પણ કાંઇ કહેતો કેમ નથી એને ?



બલરામ :

એને શું કહે? હજાર વાર કહીએ તોય એ તો એવો જ રહેવાનો – પથ્થર પર પાણી.

સુદામા :

ચાલો, ચાલો, એ નહીં આવે તો ઊંઘી ગયો. આપણે તો ભાઈ આ બેઠા. ચન્ની પણ ખીલી છે ને ઘાસ પણ લીલુંછમ છે.... એ ભલે સંતાકુકડી રમે.

સુબાલ :

એકલો કોની જોડે સંતાકુકડી રમશે?

સુદામા :

લે, રાધા અને ગોપીઓ સાથે.

બલરામ :

અરે રાધા એ કેવી અને ગોપી એ કેવી? એ તો.....

ત્રીજો :

હશે ! આપણે શી પડી છે હવે ?

સુબાલ :

ચાલો કોઈ વાર્તા કરો. ગમે તેમ પણ કૃષ્ણ વગર અંધારું તો ખરું.

[પીપળાના ઝાડ પરથી કૃષ્ણ ધીમેથી બોલે છે.]

કૃષ્ણ :

સુદામા ! સુદામા !

સુદામા :

એ એનો જ અવાજ. અરે ક્યાં છે તું ? અરે આ રહ્યો ! પીપળા પર !

કૃષ્ણ :

(ઝાડપરથી નીચે ઉતરે છે) બધા ચાલો,





ગાયો લઈ આપણે શ્રી આદિત્યના મંદિરે જઇએ. [બધા જાય છે.]

[કૃષ્ણની પ્રસાદી રૂપી રંગમાળા લઈ વિશાખા રાધા પાસે આવી પહોંચી.]

વિશાખા:

લે આ પ્રસાદી.

રાધા:

(સ્વીકારે છે) આ માળા કેટલી સુંદર છે, તેને અર્પણ કરનારના હવે માત્ર દર્શન વાંચ્છું છું. [માળા કંઠમાં ધારણ કરે છે.]

વિશાખા:

તપ કર, પછી ફળ મળશે. માટે એમાં વિચાર કરે નહીં વળે.



[આમ વાર્તાવિનોદ કરતાં હતાં ત્યાં મુખરા આવી.]

મુખરા :

(ક્રોધ કરી) શું કરો છો ? આ તમારી પૂજા ? બતાવીએ એક કામ જ્યારે કરો છો બીજું. બે પહોર દિવસ વ્યતીત થયો તેનું પણ કોઈને ભાન નથી. બિચારાં પુરણમાસીજી સૂર્યના મંદિરે તમારી રાહ જોતાં હશે.

રાધા :

થાકી ગયાં એટલે બેઠાં છીએ. ચાલો બધાં જલદી જઈએ. [બધા જાય છે.]

રાધા :

(માર્ગમાં) આજ આ વન મને શ્યામ કેમ ભાસે છે ?



લલિતા :

ઓહો. તારે શ્યામસુંદરનાં દર્શન કરવા છે ને એટલે.

[આદિત્યના મંદિરે મોડે સુધી કોઇ ન આવવાથી શ્રી પુરણમાસીજી પુજા વગેરેથી નિવૃત્ત થઈ પોતાની પર્ણકુટીમાં જઇ બેઠાં. રાધાજી પણ સૂર્યના મંદિરમાં પૂજા કરી પરવાર્યા પછી શ્રી પુરણમાસીજી પાસે જવા નીકળ્યા. કૃષ્ણ પણ સૂર્યના મંદિરમાં દર્શન કાર્યથી પરવારી ત્યાં ફરતા હતા.]

મધુમંગળ :

ગોપાલ – જો, જો, નૂપુરનો ધ્વનિ સંભળાય છે. કદાચ રાધાજી પુરણમાસીજીને મળવા આ માર્ગથી નીકળશે. જરૂર તને નજરે પડશે.



કૃષ્ણ :

ત્યારે ચાલો જલદીથી પુરણમાસીજીની પર્ણકુટી પાછળ આપણે લપાઈ જઇએ. (બધા તેમ કરવા દોડે છે.)

[રાધા મુખરા અને અન્ય સખીઓ પાસે આવી પહોંચે છે.]

કૃષ્ણ :


(પાછળથી નીકળી સમક્ષ આવે છે) મધુમંગળ, આ નવલ સ્ત્રી કોણ હશે? કયા . . . . . .

મુખરા :

(વચ્ચે) અહો કનૈયા, તારે તેની શી પડપૂછ. એ તો શ્રેષ્ઠ ગોપ વ્રસભાનજીની બેટી છે. એના ઉપર વૃંદાદેવી તથા પુરણમાસીજીની પૂર્ણ કૃપા છે.







કૃષ્ણ :

ઠીક કહ્યું, ચાલ મધુમંગળ, પુરણમાસી-જીને નમસ્કાર કરીએ જેથી આપણી મનેચ્છા ફળીભૂત થાય.

પુરણમાસીજી :

(આશીષનાં વચનો કહી પુરણમાસીજી કૃષ્ણને માથે હાથ ફેરવતાં હતાં) "તમારી ઇચ્છા પરિપૂર્ણ થાવ." [રાધા મુખરા સખી બધાં જાય છે.]

કૃષ્ણ :

(સસ્મિત વદને) હે માતાજી! ચંદ્રની ચાંદની ખીલી પણ સંજોગે વાદળી આડી આવી. તમે વાદળીને દૂર કરવાનો ઉપાય બતાવશો?

પુરણમાસીજી :

જરૂર બતાવીશ. પહેલાં મુરલીદ્વારા મંત્ર ચલાવો. એટલે અનેક વ્રજનારી ઘેલી થઈ તમારી પાસે દોડતી આવશે.

કૃષ્ણ :

વારૂ માતાજી હું વનમાં જ જઈ બંસી બજાવું છું. તમે પણ ત્યાં જ આવશો ને ?

પુરણમાસીજી :

જરૂર આવીશ.

[કાનાએ તો વેણુના સ્વરથી આકર્ષણ શક્તિ છોડી. કોણ મધુર સંગીતથી મુગ્ધ નથી થતું? સખામંડળ બધું જ ભેગું મળી ગયું. વ્રજનારીઓ સહિત, રાધાજી, ચંદ્રાવલી, લલિતા, વિશાખા વગેરે સૌ કોઇ પોતાનું કામ મૂકી



ત્યાં આવી પહોંચ્યાં. બધાએ ભેગા મળી મહારાસ લીલા કરી. પુરણમાસીજી, વૃંદાદેવી, નંદીમુખી વગેરેએ આ લીલાનાં દર્શન પ્રેમપૂર્વક કર્યાં, અને પોતાની લાંબા વખતથી રાસનાં દર્શન કરવાની ઇચ્છા પરિપૂર્ણ થતાં ઘણો જ હર્ષ પામ્યાં. રાસ રમતાં રમતાં પ્રાતઃકાળ થવા આવ્યો તેનું પણ કોઇને ભાન રહ્યું નહીં. પ્રભાત થતું જોઇ બધી વ્રજનારીઓ સ્વગૃહે જવા નીકળી. બધાના ગયા બાદ પુરણમાસીજી નંદીમુખી અને વૃંદાદેવીએ અંચળ વાળીને શ્રીકૃષ્ણના ઓવારણાં લીધાં, અને તેમણે પણ શિષ્ટાચાર મુજબ પ્રણામ કર્યા.]

પુરણમાસીજી:

હે કૃષ્ણ! હવે તમારી મનીચ્છા થોડા વખતમાં જ સિધ્ધ થશે.





. . . 'રાસલીલા' . . .


વૃંદાદેવી :

એ નંદજીના લાલ, આ સર્વે જીવો તમારા 'યુગલ સ્વરૂપ'નાં દર્શન માટે તલસી રહ્યાં છે.

કૃષ્ણ :

માતાજી ! તમારા આશીર્વાદથી સર્વ કાંઇ થશે. [બધાં વખૂટાં પડે છે.]

[બીજે દિવસે કૃષ્ણકુમાર સઘન વનમાં મધુમંગળ અને બીજા ગોપ સાથે જ્ઞાનગંમત કરતા બેઠા હતા. થોડા સમયમાં તેજ સ્થળે રાધિકા પોતાની સખીઓને લઇ અચાનક આવી ચઢે છે. પછી એક ઠેકાણે રાધા છૂપાઇને તેમનો વાર્તાલાપ સાંભળે છે અને તેમાં રાધાજી બંસીધરના મુખેથી ચંદ્રાવલીનાં વખાણ પણ સાંભળે છે, જે તેમને ન ગમવાથી ત્યાંથી ચાલવા



લાગ્યાં. કાનકુંવરને આ પરિણામની ખબર પડતાંજ રાધાજીની પાછળ તેમને સમજાવવા દોડે છે, તેને પકડી પાડી માર્ગ રોકી વચ્ચે ઊભા રહે છે. પણ રાધાજી કશું ન ગણકારતાં ચાલ્યાં જાય છે. કૃષ્ણ વિચાર કરતા પોતાને ગૃહે પધારે છે.]


[આ તરફ મુખરા, જે કૃષ્ણના ત્રાસથી કેટલાએ દિવસોની કંટાળી ગઈ હતી તે અભિમન્યુને લઈ પુરણમાસીજી તથા વૃંદાદેવી બેઠાં હતાં ત્યાં આવી.]

અભિમન્યુ :

(હાથ જોડી) હે માતાજી, આપ અમોને રજા આપો એટલે મથુરા જઇએ.

પુરણમાસીજી :

કાંઈ કારણ ? (આશ્ચર્યથી)



અભિમન્યુ :

કારણ બીજું કશું નહીં, પણ આ નંદકુમારનો ત્રાસ હવે સહેવાતો નથી.

પુરણમાસીજી :

તમને તે કઇ રીતે નડે છે?

અભિમન્યુ :

અમારા ઘરમાં છાનો માનો માખણ ચોરવા ઘૂસી જાય છે. વળી કોઇથી ડરતો પણ નથી. એ બધું તો સહેવાય, પણ જ્યારે ઘરનાં સ્ત્રીજનો ફૂલ ચૂંટવા અથવા બીજા કોઈ ઘરકામ માટે બહાર જાય છે, ત્યારે તેમને માર્ગમાં રોકી સતાવે છે. કહો, તે કેમ સહેવાય?

પુરણમાસીજી :

સમજી, તેના ઉત્તરમાં તમારે અહીંથી છેક દૂર જવું છે, એમ જ ને?

અભિમન્યુ :

હા માતાજી, એ શીવાય બીજું શું કરીએ?

પુરણમાસીજી :

મને તો લાગે છે કે તમને કોઇએ ભરમાવ્યા છે.

અભિમન્યુ :

એમ કેમ કહો છો?

પુરણમાસીજી :

તને અનુભવ થયો છે?

અભિમન્યુ :

ના માજી, મેં સાંભળ્યું છે.

પુરણમાસીજી :

એને જ 'ભરમાવ્યું' કહેવાય માટે જાત

અનુભવ ન થાય ત્યાં સુધી બધું અસત્ય. માટે ધીરજ ધરો 'ધીરજના ફળ મીઠાં.'

મુખરા :

વૃધ્ધ ખરૂં કહે છે. માટે ભાઇ અભિમન્યુ આપણે અહીં જ રહેવાનું રાખો. પણ માસીબા, એક અમારી આશા પૂર્ણ કરો.

પુરણમાસીજી :

ખુશીથી કહો; મારાથી બની શકે તેમ હશે તો જરૂર કરીશ.

મુખરા :

આપના આશીર્વાદથી ચંદ્રભાગાજીના ભાઇને ત્યાં ગૌધન વધ્યું અને તે એક લક્ષ જેટલું થયું. અમને પણ એવો જ આશીર્વાદ આપો જેથી મારી નતિનીને ગૌ વધે ને સર્વે મનોરથ પરિપૂર્ણ થાય.






પુરણમાસીજી :

ઇશ્વરની કૃપા વગર હું કશું કરી શકું નહીં. હું દેવતાની પૂજા કરાવીશ. જો દેવ પ્રસન્ન થશે તો જરૂર વર આપશે. પણ, તું તારી નતિનીને તો મોકલજે પછી બધાં સારાંવાનાં થશે.

[પછી મુખરા અભિમન્યુ વગેરે જાય છે.]

[એક દિવસ શ્રી પુરણમાસીજી મંડળી સહિત સઘન વનમાં પરિભ્રમણ કરવા નીકળ્યા. થોડે આઘે ગયા બાદ નંદજીના લાલ તેમની નજરે પડ્યા. જેવા તેઓ છેક નજદીક ગયા કે તરત જ કૃષ્ણે ઊભા થઈ બધાને નમસ્કાર કર્યા. થોડી વારમાં વૃંદાદેવી પણ સાક્ષાત્ પધાર્યાં. ગોપાલે તેમને પણ વંદન કર્યાં.]



વૃંદાદેવી :

કેમ બંસીધર! આજ ચિંતાગ્રસ્ત સ્થિતિમાં છો ?

કૃષ્ણ :


મારી અંતર ઇચ્છા તમે ક્યાં નથી જાણતાં? પછી મારે બોલી બતાવવાનો શો અર્થ ?


વૃંદાદેવી :

તમારા માટે મેં એક ઉપાય શોધ્યો છે. જરા અજુગતું લાગશે પણ માનું છું કે તમે કબુલ થશો. તમારે સખીવેષ ધારણ કરવો અને ગૌરીના મંદિરમાં પધારવું.

કૃષ્ણ :

શું કરવા ધાર્યું છે! મને સખીવેષે ત્યાં બોલાવવાનું કારણ?





વૃંદાદેવી :

એમ ઉતાવળા ન થાવ. મારૂં કહેવું પૂર્ણ સાંભળો પછી ફાવે તેમ કરવા તમે સ્વતંત્ર છો.

કૃષ્ણ :

કહો ત્યારે હવે નહીં બોલું.

વૃંદાદેવી :

તમે ત્યાં ગૌરીના મંદિરમાં આવશો એટલે અમે રાધાજીને પણ પૂજા કરવાને બ્હાને લાવશું. તમારા યુગલ સ્વરૂપનો મેળાપ હું કરાવીશ. ઠીક ને ?

કૃષ્ણ :

રાધિકા મને જોઈ કાંઈ તમને પૂછશે તો શો ખુલાસો આપશો ?

વૃંદાદેવી :

એમાં શું? એ તો કહીશ કે મારી બ્હેન 'કુંજવિદ્યા' દેવી છે. પછી છે કાંઈ?

કૃષ્ણ :

એ તો બધું ઠીક લાગે છે. પણ મારો આ શ્યામરંગ કેમ છૂપાવી શકાશે?

વૃંદાદેવી :

એમાં શું? મધુમંગળ તમારો સખા છે અને વળી તે ચાલાક પણ છે. તેને કહેજો એટલે તે ચંદન તમારા મુખારવિંદ ઉપર લગાડી આપશે. પછી શ્યામરંગ જોયો યે નહીં જણાય.







કૃષ્ણ :

એ પણ વાત બરાબર છે.

[બધાં વીખૂટાં પડે છે.]

× ×

[ઉષ:કાલનો ઝાંખો ઉજાસ પ્રકટવા માંડ્યો. છૂટી છવાઈ આછી આછી માનવ આકૃતિઓ દૃષ્ટિગોચર થવા માંડી. આકાશ મહાસાગરમાં તરતું સૂર્યબિમ્બ પ્રકટ થયું. એનાં બાલ-કિરણોએ અસંખ્ય પદાર્થોને સ્પષ્ટ અને સુરેખ રીતે ઉપસાવ્યા. સર્વત્ર ચૈતન્ય વિલાસી રહ્યું. આ સુંદર પ્રભાતના દર્શન કરતાં શ્રી કૃષ્ણ અને મધુમંગળ એકલા બેઠાં હતાં.]

મધુમંગળ :

કેમ કનૈયા, ચંદનનો લેપ લગાવું કે નહીં.





કૃષ્ણ :

શું આજે જ સખીવેષે જવાનું છે ?

મધુમંગળ :

ત્યારે ક્યારે ?

કૃષ્ણ :

પણ જો પકડાઇ ગયા તો મોટી ફજેતી થવાની.

મધુમંગળ :

વાહ, ત્યારે રાધિકા કાંઈ આપણા વૃંદાવનમાં ઊભરાતાં ફૂલ જેટલાં સોંઘા નથી. કે વગર કષ્ટે તમને પ્રાપ્ત થાય.

કૃષ્ણ :

હું જાણું છું - ચંદન વગેરે જલદી તૈયાર કર - સમય થોડો છે.



[ચંદન લગાવી શ્રી કૃષ્ણ બરાબર તૈયાર થઈ ગૌરીના મંદિરે પહોંચ્યા.]

[આ બાજુ વસભાનપુરમાં શ્રી રાધારાણી ઊંડા વિચારમાં બેઠાં હતાં, હરઘડી તેમને કૃષ્ણના શબ્દો કર્ણમાં ગુંજ્યા કરતા હતા. "ચંદ્રાવલી સુંદર છે, હું નથી." તેવામાં ત્યાં ઓચિંતા વૃંદાદેવીએ તેની સન્મુખ દર્શન આપ્યાં. રાધાજી તેમને ચરણે પડ્યાં.]

વૃંદાદેવી :

બેટા રાધા, ચાલો આપણે ગૌરીના દર્શને જઈએ, વળી માર્ગમાંથી પુરણમાસીજી અને તેમની મંડળીને પણ લેતા જઈશું.

રાધા :

હવે મારા દુખની વાત હું કોને કરું ?



વૃંદાદેવી :

હું તે જાણું છું. હમણા તો ચાલો પછી કાંઇક રસ્તો કરશું. આમ વિચાર કરવાથી શું વળશે? શ્રી નંદકુમારને મેળવવા જે કોઈ ભાગ્યશાળી થશે તે ભગવાન સ્વરૂપ લેખાશે. તમે તૈયાર થાવ એટલામાં હું પુરણમાસીજીને અહીં બોલાવી લાવું છું. મુખરા! ઓ મુખરા!


મુખરા :

જી આ...આવી.

વૃંદાદેવી :

રાધાજીને શણગાર સજી તૈયાર કર. ગૌરી પૂજવા જવું છે.





[બધાં તૈયાર થઈ જવા નીકળ્યાં. થોડે દૂર ચાલ્યા પછી કોઈ એક ઝાડ નીચે એક મોરને નૃત્ય કરતો જોયો. રાધાજી મનમાં સમજી ગયાં કે ગમે તેમ એટલામાં ક્યાંય પણ બંસીધરની પરધરામણી થઈ હોવી જોઈએ. * એમ વિચાર કરતાં કરતાં માર્ગ ખુટયો. બધાં ગૌરીના મંદિરે આવી પહોંચ્યાં. ત્યાં મંદિરના દ્વારમાં પેસતાં જ રાધાજીની દૃષ્ટિએ એક કાન્તિમય નવીન વ્યક્તિ પડી.]

રાધા :

(શંકાશીલ વદને) અરે વૃંદાદેવી, આ નવીન વ્યકિત કોણ છે ?

---

*એમ મનાવામાં આવે છે કે, જ્યાં શ્રી કૃષ્ણના મુગટની છાયા પડે છે ત્યાં જ મોર હમેશા નૃત્ય કરતો હોય છે.

વૃંદાદેવી :

એ તો સંપ્રદાયનું સ્વરૂપ છે, અને વળી મ્હારી બ્હેન છે.

રાધા :

નામ !

વૃંદાદેવી :

કુંજવિદ્યાદેવી.

રાધા :

(નમસ્કાર કરે છે.) હું તમને આજ મળવાથી ઘણીજ ખુશ થઈ છું. તમારા દર્શન માત્રથી મારૂં મન પ્રફુલ્લિત થયું છે.

વૃંદાદેવી :

રાધા, એમની કૃપાથી પ્રાણી માત્રની મનકામના પરિપૂર્ણ થાય છે.



કુંજવિદ્યાદેવી :

કદાચ રાધા, તું મને નહીં ઓળખી શકે. તમે મારું પૂજન અર્ચન ક્યાં કરો છો ?

રાધા :

(બન્ને હાથ જોડી) અરે ! હું તો તમારે શરણે નિશદીન રહેવા ચાહું છું. હા, હું જોકે ગૌરીની પૂજા, ભક્તિ અને મનન પણ કરું છું. પરંતુ મને એ ખબર ન હતી કે તમે બન્ને એક જ સ્વરૂપ નહીં હો.

[કુંજવિદ્યાદેવી નિરુત્તર રહે છે]

રાધા :

(બન્ને એકબીજાને ભેટતા) અરે કુંજવિદ્યાદેવી, આજ તો હું તમારી સેવા પણ અત્યંત પ્રેમથી કરીશ.



વૃંદાદેવી :

જરૂર કરો.

રાધા :

(વિસ્મય પામી) વૃંદાદેવી, તમારાં બ્હેન મને કાંઇક વિચિત્ર વ્યક્તિ લાગે છે, કારણ કે ભેટતી વખતે મને પુરુષનાં ચિહ્ન લાગ્યાં.


વૃંદાદેવી :

રાધુ, તેનું કારણ સમજવું તારે માટે મુશ્કેલ થશે. કુંજવિદ્યાદેવી વળી શ્રી કૃષ્ણનાં અનુપમ મિત્ર છે.

રાધા :

બરાબર છે. સોબત તેવી અસર વળી "વાન ન આવે પણ સાન આવે" એ સૂત્રો પ્રમાણે બનવા જોગ છે. ખરું ને?





[એમ વાર્તાલાપ કરતાં સૌ ભેગા મળી એક મંડપમાં બેઠાં છે. મધ્યાહ્ન થવાથી સૂર્યદેવનાં કિરણો સખત ગરમી ફેલાવી રહ્યાં હતાં. મંદ મંદ સુમધુર પવન આસપાસનાં ઝાડોમાંથી નીકળી તાપને શાન્ત કરવા મથતો હતો, વળી તેના હલનચલનથી મીઠું ધીમું સંગીત વાતાવરણને સુખકર કરતું હતું. તેવામાં મુખરા, અભિમન્યુ તથા જટિલા પાછળથી ગૌરીના મંદિરે આવતાં જણાયાં, માર્ગમાં તેમને પણ મોર નૃત્ય કરતો દેખાય છે.]

મુખરા :

જો અભિમન્યુ, જરૂર કનૈયો અટલામાં ક્યાંક પણ ભરાણો લાગે છે. ભાઈ એનાથી તો તોબા.

અભિમન્યુ :


એમાં બ્હીવાનું શું છે? કાનો જો મારા હાથમાં આવે તો બરાબર મુશ્કેટાટ બાંધી તમારી સમક્ષ ઊભો કરૂં. એ વળી એવો તો . . .

[આમ બોલતા બોલતા તેઓ મંદિર પાસે આવી પહોંચ્યા અને તેના પગથીઆં ઉપર પગ મૂકતાં જ રાધાજીને મૂર્છામાં પડેલ નીહાળ્યા. તરત જ પુરણમાસીજી રાધારાણીને પોતાની ગોદમાં લે છે.]

પુરણમાસીજી :

(કુંજવિદ્યાદેવીની પ્રાર્થના કરતાં) હે ભક્ત વત્સલ દેવી, ભક્તનું દુઃખ દૂર કરો એવું હું વાંચ્છું છું.





મુખરા :

(વૃંદાદેવીને ઉદ્દેશીને) માતાજી, આ વળી શું નવીન છે?

વૃંદાદેવી :

કોઈ નથી, સહેજ મૂર્છા . . . . કુંજવિદ્યાદેવીનો ચમત્કાર છે.

પુરણમાસીજી :

(ફરી પ્રાર્થના કરે છે.) હે કુંજવિદ્યાદેવી! રાધાજીને સંકટમાંથી ઉગારો. દેવી સહાય કરો!

કુંજવિદ્યાદેવી :

માગો, માગો, હું તમારી આરાધનાથી પ્રસન્ન થઈ છું.

[રાધાની મૂર્છા ટળે છે. રાધા જાગૃત થઈ બેસે છે.]

મુખરા :

રાધાજીને અચાનક મૂર્છાનું શું કારણ હશે, વૃંદાદેવી ?

વૃંદાદેવી :

મુખરા, જટિલા અને અભિમન્યુ તમે બધાં શ્રવણ કરો. હું જે હકીકત છે તે કહું છું. રાજા કંસ અભિમન્યુનું બલિદાન કરવા માંગે છે, અને એવું રાધિકાના સાંભળવામાં આવ્યાથી તે મૂર્છાંગત થયાં હતાં.

[દરેકના મુખ ઉપર શોક છવાઇ જાય છે.]

મુખરા :

રાધા, હું તમને એક જ વિનંતિ કરું છું કે દેવી પાસે અમારો વંશ રહે એવું માગો.

સર્વે ભેગાં :

(પ્રાર્થના કરતાં કહે છે.) હે દેવી, અમારો વંશ ન ટાળશો. અમારૂં સૌભાગ્યચિહ્ન કાયમ રહે તેવું કરજો.

કુંજવિદ્યાદેવી :

જુઓ ભકતો, આ કાર્ય બ્રહ્માદિક, સનકાદિક, નારદ કે બ્રહ્મર્ષિને પણ વશ નથી, છતાં પણ એ કાર્ય કરવા હું વચન આપું છું. તમારે બધાંએ વૃંદાવનમાં રહી મારી ભકિત કરવી, અને રાધિકાએ પણ તેજ પ્રમાણે પોતાની ઉપાસના કરવી. જરૂર તમારૂં કાર્ય સફલ થશે. તથાસ્તુ !

જટિલા અને મુખરા :

સારૂં, મહાદેવી. અમો અહીંઆજ વાસ કરશું.






શ્રી પુરણમાસીજી . . . 'યુગલ દર્શન'



કુંજવિદ્યાદેવી :

હું પ્રસન્ન થઈ છું. અભિમન્યુને જીવતદાન આપું છું. બધાં નિશ્ચિત થઈ સ્વગૃહે પધારો. [બધાં જાય છે.]

[જટિલા, મુખરા અને અભિમન્યુના ગયા પછી, શ્રી પુરણજીને અંતરનાદ થયો કે આવા સુંદર સમયે જો મને 'રાધાકૃષ્ણ'નાં દર્શન થાય તો મારું આથી બીજું કયું અહોભાગ્ય? બન્યું પણ તેમ જ કેમ જાણે શ્રી કૃષ્ણ પુરણમાસીજીની મહેચ્છા સમજી ગયા હોય તેમ જલદી જલદી તેનો સ્ત્રી પોશાક કાઢી પોતાના મૂળ વસ્ત્ર અલંકારથી સજ્જ થઈ મધુર બંસી બજાવવા લાગ્યા. રાધારાણી તરત જ ત્યાં પધાર્યાં અને યુગલ સ્વરૂપે ઊભાં.





ગાયોનું ધણ પણ ત્યાં દર્શન માટે થંભી ગયું, પાસેના ઝરણાનું નિર્મળ નીર પણ પોતાનો વેગ રોકી ધીમે ધીમે વહેવા લાગ્યું. કેમ જાણે તે પણ આ સ્વરૂપના દર્શન કરવા ઇચ્છતું નહોય! મોટાં વૃક્ષો, વનવેલી, પક્ષીઓ, સર્વેએ દર્શન કર્યાં. ચોતરફ માત્ર શાન્તિ પ્રસરી ગઈ આવા અલૌકિક સમયે શ્રી પુરણમાસીજીને 'યુગલદર્શન' થયાં. – પોતાની ઇચ્છા ફળી – આનંદનાં અશ્રુ ઉભરાયાં – નમસ્કાર કરી બોલ્યાં.]

પુરણમાસીજી :

હે પ્રભુ, હું તમારી પાસે એટલુંજ માગું છું કે મને હર હમેશ તમારા યુગલ સ્વરૂપનાં દર્શન થાય.



કૃષ્ણ :

હું ભક્તને આધીન છું. હું અને ભક્ત એક જ છીએ. જે કોઈ મને અંતઃકરણપૂર્વક ભજે છે, તેને હું દર્શન આપું છું. જ્યારે જ્યારે મારું સ્મરણ કરશો ત્યારે હું પ્રગટ થઈશ અને દર્શન કરાવીશ.

[બધાં વીખૂટાં પડે છે.]

[બીજે દિવસે શ્રી કૃષ્ણ વનમાં એક વૃક્ષની છાયા નીચે બેસી સખા મંડળ સાથે વાતો કરતા જણાય છે.]

કૃષ્ણ :

અરે મધુમંગળ કયાં? ઓ મધુમંગળ, ભાઈ કયાં ભરાઈ બેઠો.



મધુમંગળ :

(પાછળથી ગાયને પંપાળતો) કેમ, અહીં જ છું.

કૃષ્ણ :

જો તો ખરો, આ વનની શોભા કેવી છે! ફૂલ પણ કેવાં ખીલ્યાં છે! એ બધાં મારા કંઠને સ્પર્શવા માટે તલસી રહ્યાં છે. તું મને મનોહર પુષ્પોની માળા નહીં બનાવી આપે?

મધુમંગળ :

એ શું બોલે છે? તારો તો પડતો બોલ અમે ઝીલવા તૈયાર છીએ. તું તો અમારો રાજા છે. તારી વાંસળી ને ડાંગ અમે સૌ ઉચકીશું. અરે કનૈયા તું તો ઉડતા પંખી જેવો આનંદી છે. જ્યારે ત્યારે નાચતો ને



કૂદતો જ. કાંટા કાંકરાવાળા રસ્તા પર તો અમે ખાંધે બેસાડીશું તડકો વધતાં અમે તને શીળે બેસાડીશું; અમે બધા મળી તને ખુશને ખુશ રાખીશું, અને થાકી જશે ને ભૂખ લાગશે ત્યારે તો વનફળ ખવડાવીશું.


કૃષ્ણ :

(બધું સાંભળી) હું અને મારૂં સખામંડળ એક જ છીએ. હું તમારા બધાથી એક પળ પણ વિખૂટો પડી શકતો નથી તેનું કારણ તમારો બધાનો હાર્દિક પ્રેમ જ છે. અરે! પણ માળા બનાવવાનું તો પાછું ભૂલી જવાયું. મધુમંગળ!

મધુમંગળ :

અરે! અધઘડી માળા. એમાં શું? હા, પણ કનૈયા તું મારી એક વાત સ્વીકારીશ?





કૃષ્ણ :

હા, કઈ ?

મધુમંગળ :

તે દિવસે તું બંસીમાં કંઈક ન્હોતો બજાવતો . . . હા . . . પેલું ગીત . . . પેલી વડની . . . હેઠે . . .

કૃષ્ણ :

ઓહો એમાં શું ? સાંભળ. (બંસી વગાડે છે)

પેલા વડની છાયા હેઠ
ગોપાલ બંસીમાં કાંઈ ગાશે
વળી અમે બધા નિરાંતે
મોગરા બેલાની માળા
વચમાં સેવતી ફૂલ સુંવાળા
હોંસે ગૂંથશું એને માટે



મૂંગા જન જનાવર પ્રાણી
હરકોઇ કાનો આવ્યો જાણી
એનો પડતો બોલ જ ઝીલે
જમના મૈયા પણ ના હીલે
ભલા યોગી મુનિને પ્યારો
એવો કૃષ્ણ કામણગારો!

[મધુમંગળ અને બધા સખા મુરલીની ધૂનમાં ગાતા અને જશોદાના લાડકાને રીઝવતા માળા ગૂંથતા હતા.]

કૃષ્ણ :

સુદામા, ભાઇ તારા જેવું તો કોક જ આળસુ હશે.

સુદામા :

આજ તું એમ કેમ કહે છે? તેં મારું શું કરવા ધાર્યું છે?





કૃષ્ણ :

કરવા બરવાનું શું હોય? આ ઝાડ છે, ને તેના ઉપર તું ચઢી જા અને બરસાણાની વાટડી ભણી નજર કર. કોઈ દેખાય છે?

[પાછી વાંસળી વગાડે છે.]


(સ્થળ બરસાણા)

[રાધાજી સખીઓ સહિત બેઠાં હતાં અને શ્રીકૃષ્ણના સ્મરણમાં એકતાર થયાં હતાં. તેવામાં મુરલીની રમઝટ (સંગીતધ્વનિ) રાધિકાના શ્રવણપુટમાં અથડાઈ, તરત જ એનું સ્વપ્ન નષ્ટ થયું. બંસીના મીઠા શ્રવણથી કોણ ચલાયમાન નથી થતું? — રાધાની શી હામ?





સખામંડળ સમીપ . . . 'યુગલ સ્વરૂપ'



રાધા :

ચાલો, ચાલો, વાંસળી આપણને આમંત્રે છે, ત્યાં જઇ રાસક્રીડા કરીશું.


સખીઓ :

(ભાન ભૂલી) અમારી ક્યાં ના છે?

[ફૂલની એક સેજ ઉપર જશોદાના લાલ પુષ્પમાળા કંઠે ધરી બિરાજ્યા હતા. રાધાજી પણ આકર્ષાઈ ત્યાં આવે છે]

કૃષ્ણ :

આવ, આવ, રાધુ, રાધિકા, (કૃષ્ણ અને રાધા બન્ને એક સેજ ઉપર બિરાજે છે.) કેટલી સુંદર મારી રાધા! તું હસે છે ત્યારે કેટલી સુંદર દેખાય છે, વરસાદ પછીના સ્વચ્છ આકાશના રંગ જેવી તારી હાસ્ય ભરી આંખો



મારી આંખમાં શરમાતી હળે છે, ત્યારે શાં શાં સૂચન નથી સૂચવતી? એ....મારી રાધા!...

રાધા :

હું વહેલી વહેલી કેમ અહીં આવી એ મને પૂછશો નહી. અને આ પેલા ઉગતા ચાંદલીઆ કરતા એ વધારે સુંદર હું કોને માટે લાગું છું; એ પણ પૂછશો નહી...

[આમ નિર્દોષ વાર્તાલાપ થઈ રહ્યો હતો. સખામંડળને પણ દર્શન કરવાનો મોકો સાંપડયો તેથી ઘણા ખુશી થયા. એક બીજા અંદર અંદર કહેવા પણ લાગ્યા ભાઈ અહો-ભાગ્ય રાધા કે એને શ્રીકૃષ્ણ સાંપડયા. તેજમાં તેજ મળી ગયું.]

કૃષ્ણ :

(મધુમંગળને) જો... પેલાં પુષ્પોમાંથી સુંદર ફૂલો ચૂંટી કાઢો અને એક માળા બનાવો પછી તે રાધા રાણીને અર્પણ કરો.

[મધુમંગળ ફૂલોની છાબ ભરી લાવે છે. તેમાં માળા ગૂંથીને મુકી છે.]

મધુમંગળ :

લ્યો આ છાબ. રાધાદેવીને અર્પણ કરો.

[શ્રી કૃષ્ણ બધાં ફૂલ પોતાની પછેડીમાં ઠાલવે છે. પછી તેમાંથી માળા કાઢી રાધાજીને અર્પણ કરે છે. થોડીવાર નિર્દોષ આનંદ કર્યા પછી રાધા જવા નીકળે છે તે સમયે શ્રીકૃષ્ણ છાબમાં પડેલાં ફૂલો પણ રાધાના વસ્ત્રને છેડે બાંધી આપે છે. ફૂલ આપતાં તેમાં બંસી



પણ ધ્યાન બહાર, શ્રીકૃષ્ણથી અપાઈ જાય છે. ચતુર રાધા બંસીનો સ્પર્શ થતાંજ પોતાનો પાલવ સંકેલી લે છે.]

રાધા :

(શ્રીકૃષ્ણને) હવે તમારી રજા માગું છું.

કૃષ્ણ :

ખુશીથી, પધારો. [રાધાજી જાય છે.]

રાધા :

(માર્ગમાં) લલિતા, આજ તો ઠીક મજા પડશે. શ્રી કૃષ્ણની મોરલી પણ મળી છે. બસ. આજ તો આનંદ, આનંદ! ગાશું, બજાવશું અને બધું જ કરશું. ઠીક ને?

લલિતા :

(હસીને) અલી રાધા, તું પણ બહુ



જબરી છે. તું કાંઈ કૃષ્ણથી ઉતરે તેમ નથી – એ ત્યાં બંસીની શોધાશોધ કરી મૂકશે. વળી . . . . .

[માર્ગ આવા વાર્તાલાપથી ટુંકો થતો જાય છે.]

× ×

[શ્રી કૃષ્ણને સમય જતાં મુરલી યાદ આવે છે. ચોતરફ ગોતવા લાગે છે.]

કૃષ્ણ :

મારી બંસી ક્યાં? કોઈ કહેશો? વાંસળી વગર હવે શું થશે? કોઈએ જોઈ હોય તો બતાવશો?

સખામંડળમાંથી :

ભાઈ, કેવી મજા! ઠીક થયું. અરે કનૈયા, આમ આજ તું તો તારી વાંસલડી ગુમાવી બેઠો અને કાલ રા . . .

મધુમંગળ :

અરે ચૂપ ચૂપ, શું બોલવા જાય છે? એમ તો એ વધારે ખીજાશે. જોતા નથી મૂરલીની ધ્વન આડી ફાટી છે. અત્યારે તો બધાં શોધવા મંડો એટલે પીડા પતે નહી તો નાહક પંચાત – એ કાંઈ ઓછી મૂર્તિ નથી!

મધુમંગળ :

(ઘણીવાર ગોતાવ્યા પછી) મિત્ર ગોપાલ, હું બતાવું પણ મારા ઉપર ક્રોધ નહીં કરવાનું વચન આપ તોજ.





કૃષ્ણ :

ક્રોધ શું કામ કરું ? તેં ક્યાં લીધી છે? કહે, કહે હું ખુશી થઇશ.


મધુમંગળ :


જુઓ ત્યારે, જેનું તમે મન ચોર્યું તેણે તમારી બંસી ચોરી. અન્યોઅન્ય છે. કેમ ખરું ને? [બધા હસે છે.]

કૃષ્ણ :

સમજ્યો. ઠીક લઈ જવા દો – પણ મારે બંસી વગર શું કરવું? બંસી એજ મારો આનંદ છે. ચાલો રાધાને પકડી પાડીએ. એમ કાંઇ બંસી લઇ જવી સહેલ નથી.

[બધાં બરસાણાના માર્ગ ભણી ચાલવા માંડે છે.]





[રાધાજી જે ક્યારના નીકળી ચૂક્યાં હતાં તે બહુ ચાલવાથી વિસામો ખાવા એક માળીની ઝુંપડી નીચે બેઠાં છે. ત્યાં મુરલીને ફૂલોના ઢગમાંથી બહાર કાઢી તેને ઉદ્દેશી બોલે છે.]

રાધા :

હે મુરલી, તું માંહેથી પોલી છે. એક નહીં પણ તને સપ્ત તો છેદ છે, ઉપરાંત જ્યાં ત્યાં ગાંઠો પડી છે. 'ઊંટના અઢારે વાંકાં' એમ તું ગુણરહિત પણ છે. આમ છતાં તું ક્યા તપના બળથી કૃષ્ણને રીઝવી શકે છે તે હું નથી સમજી શકતી. તું . . .

વિશાખા :

(ટાપસી પૂરતી) એ બધું તો ઠીક, પણ તારી જાત ભાતની પણ કોઇને ખબર છે?

[આમ અનેક પ્રકારે મુરલીની નિંદા કરતા બેઠાં છે. તેવામાં ત્યાં રાધાજીને ગોતતી ગોતતી મુખરા આવી પહોંચે છે.]

મુખરા :

અલી રાધા, અહીંઆ કેમ? તને શોધી શોધીને તો મારા ટાંટીઆ ફરી ગયા. હમણાથી તું આમ ઘેલછા કેમ કરે છે?

[એટલામાં કૃષ્ણ વગેરે સખામંડળ પણ ત્યાં આવી પહોંચે છે.]


મુખરા :

અલી લલિતા, આ નંદકુમાર તમારી સાથે ક્યાંથી?

લલિતા :

મને એ વાતની કાંઈજ ખબર નથી.





મુખરા :

કનૈયા, તું અહીં શા માટે આવે છે. તું તોફાની છે.

કૃષ્ણ :

મને આવા પ્રશ્ન કરનાર તું કોણ? હું આ વનનો રાજા છું. મારા વનમાં જે કોઇ આવે તેને હું મળું છું, હું કાંઇ કોઇને બોલાવવા જતો નથી. આ તારી નતિની તો મારી બંસી પણ ચોરી લાવી છે. વાહરે વાહ ન્યાય! ચોર કોટવાળને દંડે!

મુખરા :

ઓ રાધા, આ કૃષ્ણ શું કહે છે? સાચું બોલ તેં બંસી લીધી છે? જો લીધી હોય તો આપી દે.

રાધા :

(રોતાં રોતાં) મેં કાંઈ એની બંસી લીધી નથી, વળી મારે લેવાનું શું કારણ?


લલિતા :

હા, રાધાજી ખરૂં કહે છે. અમારે તે બંસીનું શું કામ? પણ . . . કૃષ્ણ પીળું જ દેખે છે તો?

મુખરા :

એ ગોપાલ, પધારો. કીર્તિજીને આવા આક્ષેપોની ખબર પડશે તો તમારે ઠપકો ખમવો પડશે.

[કૃષ્ણ શોકમગ્ન થઈ પોતાને માર્ગે પડે છે. થોડે દૂર વૃંદાદેવીનો ભેટો થાય છે.]





વૃંદાદેવી :


કેમ બંસીધર, આજ કાંઈ ઉદાસ છો ?

કૃષ્ણ :

(પ્રણામ કરી) શું કરૂં મારી બંસી ક્યાંક ગુમ થઈ છે. કોઈ ઠેકાણેથી હાથ લાગી નહીં.

[આ પ્રમાણે અરસપરસ વાર્તાલાપ કરતા કરતા નંદનવન ભણી જાય છે.]

[અહીંઆ રાધાજી પોતાને ઘરે પહોંચ્યા અને ભોજન વગેરેથી પરવાર્યા પછી પોતાની સખીઓ સાથે જમનાતટ પર મુરલી લઇ ખેલવા જાય છે. બંસી રાધાજીના હસ્તકમળમાં જોઈ એક ગોપ જલદી જલદી આ ખબર તેના મિત્ર ગોપાલને આપવા દોડે છે.]





ગોપ :

અરે નંદરાયજીના કુળદીપક! એક ખુશખબર!

કૃષ્ણ :

હા, શેની?

ગોપ :

જુઓ. રાધાજી, લલિતા, વિશાખા, ચંદ્રાવલી તથા અન્ય ગોપીઓને નદી તટ ઉપર મેં જોયાં છે, રાધાજી પાસે તમારી બં...

કૃષ્ણ :

(વચ્ચે) જો...જો...દૂર દૂરથી મારી જ બંસીનો નાદ સંભળાય છે. ચાલ આપણે બન્ને જઈ તેને પકડી બંસી લઈ આવીએ.



વૃંદાદેવી :

તમે અહીંજ રહો, હું અને સુબાલ જઇએ છીએ.

[સુબાલ અને વૃંદાદેવી જાય છે. માર્ગમાં મુખરા પણ મળે છે.]

વૃંદાદેવી :

(મુખરાને) જોયું! કૃષ્ણ મુરલી માટે વિહ્વલ બની ગએલ છે, જ્યારે અહીં તેજ બંસી રાધાજી વગાડે છે.

મુખરા :

હા, ખરું છે હવે ચોર પકડાશે, પછી હું છું ને એ છે.




વૃંદાદેવી :

શાન્તિથી કામ લેવું સારૂં. ક્રોધ કરવાથી શો લાભ ?

મુખરા :

(રાધા પાસે જઈ) લાવ મુરલી. આ કનૈયાની મુરલી તું કયાંથી લાવી ? તે દિવસે રડીને કહેતી હતી કે મારી પાસે બંસી નથી. તો આજ કયાંથી નીકળી ? ખોટી, આવું અસત્ય નહીં ચાલે. બસ હવે તો તને બરસાણામાં ફજેત કરૂં. લોકો મારૂં માનતા નથી પણ હવે મુરલીથી પ્રત્યક્ષ બતાવીશ.

[મુરલી લઈ મુખરા બરસાણા ભણી જવા ઉપાડે છે.]




સુબાલ :

વૃંદાદેવી, આ તો આડી ઉપાધિ થઈ. કાંઈક ઉપાય કરો નહીં તો બરસાણામાં અમને ફજેત કરશે. કેમે કરી મુરલી પડાવો.

વૃંદાદેવી :

ચિન્તા ન કર. હું પણ એ જ વિચારમાં છું. હા . . . તું મારી પાછળ પાછળ આવ અને જો કે હું કેમ મુરલી પડાવું છું.

[ચાલતાં ચાલતાં વનમાંથી એક વાંદરાના બચ્ચાને વૃંદાદેવીએ વાંસળી પડાવવા માટે મુખરાની પાછળ મોકલ્યું. મુખરા બહુ ચાલવાથી થાકી જાય છે, ને તૃષા લાગવાથી પાણી શોધે છે. આજુબાજુમાં જોતાં થોડે છેટેથી વૃંદાદેવી આવતાં દેખાય છે.]



મુખરા :

દેવી, તમે મારું એક કામ કરશો ?

વૃંદાદેવી :

જરૂર કરીશ.

મુખરા :

આ વાંદરાનું બચ્ચું મારી જ પાછળ કેવારનું લાગ્યું છે, ને મને તૃષા લાગી છે. હું આ તળાવમાંથી પાણી પી લઉં ત્યાં લગી આ માટલી સાચવજો, આમાં માખણ છે, વખતે બચ્ચું ઝડપ મારે તેથી. તમને કષ્ટ આપું છું તે બદલ માફ કરજો.

વૃંદાદેવી :

કાંઈ નહીં – એમાં શું ?

[મુખરા માટલી વૃંદાદેવીને સોંપી, બંસી લઇ તળાવના કાંઠા ઉપર પાણી પીવા વાંકી વળે છે. વાંદરાનું બચ્ચું તક જોઈ ઝડપ મારી મુરલી પડાવે છે અને તરત જ ઠેકતું ઠેકતું ઝાડ ઉપર ચઢી જાય છે. [વૃંદાદેવી હસે છે.]

મુખરા :

(સ્વગત) અરેરે જોયું? આ વાંદરાની જાત સખણી ન રહે તે આનું નામ. મારૂં કર્યું કારાવ્યું ધૂળધાણી થયું–(મોટેથી) સુબાલ! ભૈયા સુબાલ!

સુબાલ :

શું છે?

મુખરા :

જલદી! જો પેલું વાંદરૂં! મુરલી ઉપાડી



ગયું છે! તે જરા ઝાડ ઉપર ચઢી લાવી આપ તો બેટા. હું આશીર્વાદ આપીશ.

સુબાલ :

વાહ! કેવા ગરજીુડાં છો? મારે આશીર્વાદની ખોટ નથી. મારા મિત્ર ગોપાલનું કામ કરવાનું હતું-થયું-હવે જાવ તમારે રસ્તે-બધાને ગામમાં વાત કરવી છે ને... કરજો વાત થાય તેટલી! [હસે છે.]

મુખરા :

(ક્રોધયુક્ત) ઠીક છે. હવે લાગ મળશે ત્યારે તને અને તારા બીજાને કોઇને મૂકીશ નહીં. હરામખોરો, તમારી બધાની જ આ પેરવી છે. જો જે એક દિવસ ખો ભૂલાવી દઇશ. [જાય છે.]



[વૃંદાદેવી વાંદરાના બચ્ચા પાંસેથી મોરલી લઇ લે છે. પછી બન્ને રાધાજીને તે બંસી આપે છે. ત્યાર પછી સુબાલ અને વૃંદાદેવી જાય છે. કીર્તિજી રાધાજીને ઘર આગળ બહુ સમય થયા છતાં ન આવેલાં જોઇ શોધ કરવા નીકળ્યાં હતાં તે છેવટે નદીકીનારે રાધાજી પાસે આવી પહોંચે છે.]

કીર્તિજી :

બેટા રાધા, આજ સોહાગ પુનમ જેવા શુભ દિને પણ તું વનમાં જ ભટકયા કરીશ ? ચાલ ઘેર, સુંદર વસ્ત્રઅલંકાર સજાવું, પછી ગોવર્ધન પૂજવા જવાનું છે.

[બધાં ઘર તરફ જવા નીકળે છે.]

[બહુ સમય સુધી મુરલી લઇને સુબાલ અને



વૃંદાદેવીના ન આવવાથી શ્રી કૃષ્ણ વિચારમાં બેઠા છે. પછી ફરીથી કનૈયાએ બીજા મિત્ર મધુમંગળને રાધાજીની શોધ કરવા જવાનું કહ્યું. મધુમંગળ જ્યાં વ્રસભાનપુર નજીક આવ્યો કે તરત જ તેને સમાચાર મળ્યા કે રાધાજી સોળે શણગાર સજી ગોવર્ધન પર્વત પૂજવા જવાનાં છે. ત્વરિત આ વસ્તુસ્થિતિનું સૂચન કરવા કૃષ્ણ પાસે જાય છે.]


મધુમંગળ :

અરે કનૈયા! નંદકે લાલા! જો હમણા જ રાધા અહીંથી ગોવર્ધન પર્વત પૂજવા નીકળશે.

[થોડીવાર પછી રાધાજી અન્ય સખીઓને લઈ તે જ માર્ગેથી નીકળે છે.]







લલિતા :

(કૃષ્ણને જોઈ) અરે જશોદાના લાડકા. રાધારાણીથી આઘા રહો.

કૃષ્ણ :


કાંઈ કારણ ? મુરલી ચોરી એક, મન ચોર્યું એ અને ઉપરથી શિરજોરી ? જાઓ અહીંથી નહીં તો હવે કોઇની ગણના નહીં કરું. અરે રાધિકા, ઓ રાધા, મારી બંસી આપને ! આમ શું કરે છે ?

રાધા :

ઉંહું, પણ મેં ક્યાં લીધી છે ?

કૃષ્ણ :

(રાધાને વીનવતા)
હો, રાધે પ્યારી, દે દો બંસી હમેરી,



કયસે મેં ગાઉં રાધા કયસે બજાવું,
કયસે લાવું ગૌવાં દોરી ? — હો રાધે.


રાધા :
મુખડેસે ગાવો કા'ના હાથસે બજાવો,
લકડીસે લાવો ગૌવાં દોરી . . . . . .

કૃષ્ણ :
સોનેકી નાહિં રાધા રૂપેકી નાહિં,
હાંરે હાંરે બાંસકી પોલી — હો રાધે.

કૃષ્ણ :
રાધુ, આપી દે હવે વધુ સમય ન કર.

રાધા :
જો, આપું તો ખરી પણ . . .

કૃષ્ણ :
'પણ' શું ?



રાધા :

મને તમારી સાથે ગિરિરાજ લઈ જવાનું વચન આપો એટલે આ રહી મુરલી.

કૃષ્ણ :

ઓહો ! એટલું જ ને ? લે આ વચન.

[રાધા મુરલી સ્વાધીન કરે છે, તરત જ કૃષ્ણ હર્ષથી બંસીનાદ શરૂ કરે છે, ને તે સાંભળી ગાયો દોડતી કુદતી તેની પાસે આવે છે. આવા સમયે રાધિકાના કાકાની પુત્રી સુરંગી રમતી રમતી ત્યાં આવી પહોંચે છે.]

સુરંગી :

રાધા, બ્હેન રાધા, આ શું ? તમને ગિરિરાજ પૂજવા મોકલ્યાં છે કે અહીંઆ



રાધિકાએ શ્રીકૃષ્ણને બંસી સુપ્રત કર્યા પછી . . . કનૈયાનો 'બંસીનાદ'

શામસુંદર સાથે રમવા? હું બધું મુખરાને જઇને કહું છું.

રાધા :

જા, જા! મુખરાને કહે અને બીજું કોઈ હોય તો તેને પણ કહે. મુખરા મુખરા શું કરે છે? એ તે વળી કોણ?

[સુરંગી ઘરે જઈ બધી વાત મુખરાને કહે છે. મુખરા સાંભળી રાધા પાસે જવા નીકળે છે. વિશાખા મુખરાને આવતી નીહાળી છ પાંચ ગણી જાય છે. મુખરા એક ઝાડની ઓથે રહી બંસીધરની લીલા નીહાળે છે. રાધાજીને શૃંગાર રસમાં પડેલ જોઇ ક્રોધથી રાધાજી તથા લલિતાને પકડી બરસાણાના માર્ગે પડે છે.]



કૃષ્ણ :

અરે! આ તો વનચર જેવી રાધાને પકડીને ચાલી. હરકત નહીં. જો હવે એ ડોસીને બરાબર બનાવું છું. કોઈ એક જલદી તે લોકોની પહેલાં ચમત્કાર જોવા બરસાણા પહોંચો. [એક ગોપ જાય છે.]

[કીર્તિજી, ગોવાલણો, પુરણમાસીજી વગેરે બેઠાં છે. અચાનક ત્યાં મુખરા આવી પહોંચે છે.]

મુખરા :

(મોટેથી) જુઓ, જુઓ, શું કરું? મારું છોકરું હોય તો કોઇને પૂછવા ન રહું. પણ . . .

કીર્તિજી :

પણ . . . પણ શું કરે છે. બુમ બરાડા શા માટે કરે છે? છે શું?



મુખરા :

(શાન્ત પડી જઈ) માતાજી, જુઓ આ રાધા અને લલિતા બન્નેની ચોરી મેં પકડી છે. બન્ને ગોવર્ધન પૂજવા ન જતાં માર્ગમાં જ કૃષ્ણ સાથે રમતાં હતાં. [આગળ ધરે છે.]

[અચાનક ચમત્કાર થાય છે. રાધાને લલિતાને બદલે સુબાલ અને વૃંદાદેવીનાં સ્વરૂપ નજરે પડે છે.]

ગોવાલણો :

મુખરા તારી તે ખસી ગઈ છે કે શું? તું બોલે છે કે બકે છે? ક્યાં છે રાધા અને લલિતા? જરા જો તો ખરી.

મુખરા :

(જોતાં ચમત્કાર લાગે છે) માફ કરો, માતાજી





કાંઈ પણ લીલા થઈ છે. હશે. બીજી કોઈ વખત વાત. હાલ તો હારી.

[પોતાને કામે જાય છે.]

પુરણમાસીજી :

(પોતાના સાગરીતોને સંબોધી) હું દર વખતે કહું છું કે રાધાજી દેવી સમાન છે, એના ઉપર કોઈ પણ કલંકિત નજરે જોશો તો શ્રી કૃષ્ણચંદ્ર ઉપરની તમારી ભક્તિ ખંડિત થશે. રાધિકાના સ્વરૂપને પીછાનવું સરળ નથી, માટે કાંઈ પણ આક્ષેપ મૂકતાં પહેલાં વિચાર કરજો.

[મંડળી વિસર્જન થાય છે.]

[પુરણમાસીજીની વાત એક ગોપ ત્યાં સાંભળતો હતો, તે તરત જ દોડતો દોડતો

પોતાના સખામંડળને બનેલ ચમત્કાર કહેવા જાય છે. બધા વાત સાંભળ્યા પછી આનંદના ઉદ્દગાર કાઢે છે.]

મધુમંગળ :

અરે કનૈયા, ફરી પાછી આજ ભૂખ લાગી છે. પ્રસાદ મળે તો ઠીક.

કૃષ્ણ :

એ મારૂં કામ. ચાલો ગોરસ લૂટીએ, આપણી ટેવ ક્યાં જવાની છે?

[બધા સઘન વન ભણી જાય છે. ચોગમથી ખૂબ ગોરસ ઉપર તડાકો પડે છે. બધા ધરાઇ ગયા, પછી દરેક પોતપોતાને ઘરે જાય છે. માર્ગમાં કોઇ નાચતા કૂદતા, તો કોઈ વેણુની લહરી કરતા આવે છે. નંદગામને પાદરે



બધા મળે છે. જશોદાજી ભાવભીનું ભોજન કરી કાન કુંવરની રાહ જોઇ રહ્યાં છે. વાટડીમાં થોડે છેટે કૃષ્ણનો પગરવ સંભળાય છે. કૃષ્ણને ગોદમાં લઇ માતૃભાવના ઝરણામાં ઝબોળવા લાગે છે. ભોજન વગેરેથી પરવારી નિદ્રાદેવીની ગોદમાં પોઢે છે.]

[બીજે દિવસે સવારના]

જશોદા :

જાગો, જાગો, કાનકુંવર જાગો જાગો.

[કૃષ્ણ માતાના મધુર શબ્દોથી નિદ્રા ત્યાગે છે, અને નિત્યકર્મથી પરવારે છે.]

કૃષ્ણ :

(ગોપ સખાને) જાવ, હું થોડીવારમાં તમારી પાછળ આવું છું. જો જો બધાં ત્યાં

જઇને બેસી ન રહેતા. પણ જેટલી નારીઓ બરસાણાથી ગોરસ વેચવા આવે તે બધીને નંદરાયજીની આણ દઇને દાણ માગજો, ન આપે તો કોઇને જવા દેશો નહીં.

[બધા ગોપ જાય છે.]

કૃષ્ણ :

(પોતાની મુરલીના સ્વરથી બધાને પોતાની તરફ ખેંચે છે.) દરેક જણ દાણ લાવો.

સુદામા :

અહો રાધારાણી, તમારે પણ અમને દાણ આપવું પડશે, નહીં તો માર્ગમાંથી જવા નહીં દઉં. સમજ્યાં !

રાધા :

હવે શું કરવું? લલિતા કાંઈ ઉપાય





બતાવ, નહીં તો પેલી મુખરાને ખબર પડશે તો માતાજી પાસે જઈ વાત કરશે.

લલિતા :

એટલામાં જ તું બીધી? ચાલ હું મોખરે –સરદાર–તું વચ્ચે, રાજા–અને પાછળ વિશાખા,–રક્ષિકા. લે હવે તને કોઈ જોઈ શકશે નહીં. થઈ રાજી?

રાધા :

રાજી? પહેલાં તારી અક્કલનો પડચો તો જોવા દે?

[ત્રણે જણ સંકેત મુજબ નજર ચુકવી નીકળી જાય છે.]

કૃષ્ણ :

(રાધાને ન જોવાથી) ઉભા રો ત્રણે જણ.



(હાંડી બધાને શેકે છે) વાહ, તમે પણ ખરી કરી તો. શું અમને બનાવી જશો? લાવો દાણ.

લલિતા :

કનૈયા તમને કેટલીએ વખત જશોદામાએ દહીં માટે ઉખલા સાથે બાંધ્યા અને મેથીપાક પણ ખવરાવ્યો છતાં "પથ્થર પર પાણી."

કૃષ્ણ :

તું હવે બહુ બોલવું બંધ કર. તમે બધા જેમ અમારા વનમાંથી ફૂલ ઉપાડો છો તેમ અમે ગોરસ લૂંટીએ તેમાં શી ભૂલ?

મધુમંગળ :

(વચ્ચે) કશી જ નહીં.

[રાધાજી કૃષ્ણની નજરે પડે છે.]



કૃષ્ણ :

રાધા તું મને દાણ આપશે તો હું બધાને છોડીશ.

[રાધાજી દહીં છાશ વગેરે શ્રી કૃષ્ણ અને તેના સખામંડળને આપે છે.]

કૃષ્ણ :

આવું સ્વાદિષ્ટ દહીં આ સુંદરીઓ કયાંથી લાવતી હશે? અહા કેટલું મીઠું છે!

[બધા ખાઈ રહ્યા પછી શ્રી કૃષ્ણ પોતાના વચન પ્રમાણે રાધાજીને લઇ ગોવર્ધન પર્વત ઉપર જવા નીકળે છે.]

× ×





રાધાકૃષ્ણ . . . 'ગિરિરાજ પંથે'


કૃષ્ણ :

આ અવતારી લીલા તો મેં તમારી જેવા ભક્તો માટે જ કરી છે.

[સર્વે સખામંડળ શ્રી રાધા કૃષ્ણનું નામ જપતા જપતા પોતપોતાને માર્ગે પડે છે.]

☆





અર્જુન ગીતા

અર્જુન ગીતા

શ્રી ગુરૂ પ્રતાપે ગાઇએ, કૃપા તે વૈષ્ણવજન,
પરબ્રહ્મ મારો આતમા, મારૂં મન તે અર્જુન,
સર્વે સુણો ગીતા સાર, પાંડવ માનજો નિર્ધાર. ૧

અર્જુને એમ જ પૂછિયું, સાંભળો વૈકુંઠ રાય,
સાર ગીતા કહો મને, નિજ ભકતનો મહિમાય. ૨

એમ શ્રી હરિ ઓચર્યા, અર્જુન ધરજો મન,
એ સાર ગીતા સાંભળે, અવતાર તેનો ધન્ય. ૩

ચૌદ લોક તે વશ મારે, બ્રહ્માંડ કેરો ભાર,
તે ધન્ય મારા દાસને, રાખે હ્રદય મોજાર. ૪

જળ મધ્યે જે છે પદમ, પણ સ્પર્શ નહીં લગાર,
તે ચિહ્ન મારા ભકતનાં, વળગે ન વિષય વિકાર. ૫

સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ,
સંસારમાં લેપાય નહિ, તે જાણુ મારો દાસ. ૬

મુજ ભક્ત તે મુજને ભજે, હૈયે હોય હેત હંમેશ,
તો ભક્ત તેને જાણીએ, જે કરે ન કોઈનો દ્વેષ. ૭

કરમાંહી તુલસી કરણુ તુલસી, કંઠ તુલસી હાર,
બહુ તિલક છાપાં શોભતાં, મુજ ભકતનો શણગાર. ૮

મારા ભકતને જાણે નહિ, પાખંડ પૂજે લોક,
જે દંભ આડંબર કરે, તે જાણું સર્વે ફોક. ૯

ઉત્તમ વરણુ થઈ નહિ ભજે ચાંડાળ કહીએ તેહ,
ચાંડાળ થઈ મુજને ભજે તે જાણુ મારો દેહ. ૧૦

મુજ ભકત કેરે કારણે, અવતાર લીધા દશ,
હું નિરંજન ને નિરાકૃતિ, મને ભકતે કીધો વશ. ૧૧

વળી દેવ કેરે કારણે, હું ગયો વસમે વન,
રાવણુને મારી રાજ્ય આપ્યું, વિભીષણુ રાજન. ૧૨

દુર્વાસા ઋષિએ દુભિયો, મુજ આત્મા અમરીશ,
ભય ચક્ર મેલી છેદીયો, મેં ભલી લગાડી શીખ. ૧૩

બળીરાયને મેં બાંધીયો, દેવોની કીધી સાર,
પાતાળ આપ્યું રાયને, ત્યાં હું રહ્યો છડીદાર. ૧૪

ગોકુળ વિષે હું અવતર્યો, શિર પીછ ધરતો મોર,
ખાતો હું માખણુ તસ્કરી, જગતમાં કહેવાયો ચોર. ૧૫

મા જશોદાએ બાંધીયો, હું જોડી ઉભો હાથ,
હું દીન થયો તે દાસનો, ચૌદ ભુવનનો નાથ. ૧૬

વળી ઇંદ્ર જ્યારે કોપિયો, ત્યારે કોઈ ન આવ્યું આડ,
ગોકુળ રાખ્યું રેલતું, ગોપી લડાવ્યા લાડ. ૧૭

સોળસો સ્ત્રીઓમાં હું રમ્યો, મારો કોઇ ન જાણે ભેદ;
મારા ભક્ત કેરે કારણે, મને કહે લંપટ વેદ. ૧૮

બ્રહ્મા વાછરૂ હરી ગાયો, તે કરી ગયો જ અધર્મ,
હું નવાં નીપજાવી લાવીયો, મારો કોઈ ન જાણે મર્મ. ૧૯

મામાને હું મળવા ગયો, ત્યાં મળી કુબ્જા નાર,
થોડાક ચંદન કારણે, મેં આપ્યું રૂપ અપાર. ૨૦

વળી પ્રથમ પોળે પેસતાં, પરીયટે દીધી ગાળ,
મેં મારીને વસ્ત્ર લીધાં, સોહાવિયા ગોવાળ. ૨૧

વળી ત્યાંથી આગળ ચાલતાં, માલણી લાવી હાર,
મેં અર્થ સાધ્યો એહને, આપ્યા પદારથ ચાર. ૨૨

વળી માર્ગમાં નાવિક મળ્યો, ને આપ્યું દર્પણ હાથ,
પૂર્યા મનોરથ તે તણા, મેં રાખ્યો મારી સાથ. ૨૩

સંબંધી જનને જે હણે, ચાંડાળનો તે અંશ,
મારા ભક્ત કેરે કારણે, મેં માર્યો મામો કંસ. ૨૪

મેં સુધનવાને સંતોષિયો, કાગના કારણ કાજ,
સંપતિ આપી તેહને, નવનિધિ સુધા રાજ. ૨૫

એક વાર વિદુર ઘેર જઈ, આરોગી ભાજી પાન,
મેં લાડ પાળ્યા દાસના, રાજાના ફેર્યાં કાન. ૨૬

કૌરવનું કુળ સંહારિયું, મેં સાર્યો તારો અર્થ,
હું ચૌદ ભુવનનો રાજીયો, મેં હાંકયો તારો રથ. ૨૭

એક વાર વનમાં હું ગયો, ત્યાં વન હતું ઘનઘોર,
મેં ભાવ જોયો ભીલડીનો, ખાધાં એઠાં બોર. ૨૮

અમે ઘણા મળી ગોવાળીઆ, રમતા ગયા મહાવન,
બહુ ભાવ જોઈ ઋષિનારનો, અમે યાચી લીધાં અન્ન. ૨૯

પ્રલ્હાદ પિતુએ પરભવ્યો, મેં થંભ ધર્યો વાસ,
તે દુષ્ટને વીદારિયો, ઉગારી લીધો દાસ. ૩૦

વળી ધ્રુવને દુઃખ પમાડિયો, ને કાઢિયો વનવાસ,
તે બાળકને મેં વશ કર્યો, ધન્ય ધન્ય મુજ દાસ. ૩૧

ચંદ્રહાસ ને હરિશ્ચંદ્ર રાજીયો, ભક્ત મારા તેહ,
પડે વિપત્ત પણ નહીં વીસારે, મારા મુગટના મણિ એહ. ૩૨

જે સમે સુધનવાને નાખિયો, તાતે તેલ બળતી ઝાળ,
મારા દાસને મેં ઉગારિયો, સંભારતાં તત્કાળ. ૩૩

દ્રૌપદીનાં પટકુળ કાઢિયાં, હું પાસ નહીં તે કાળ,
મારા દાસને વેળા પડી, ત્યારે તુર્ત કરી સંભાળ. ૩૪

પંચાળીને જ્યાં પરભવી, પાસે હતા પંચ વીર,
મારા દાસને મેં પૂરિયાં, નવસેં નવાણું ચીર. ૩૫

એક કોળીએ કૌતક કીધું, ને લીધું મારૂં રૂપ,
રાજાની કન્યા પરભવી, પરદલ કોપ્યો ભૂપ. ૩૬

મેં ત્યાં જઈને શું કર્યું, મારૂં તેજ મુકયું માય,
પરદલનો પરાજય કર્યો, મારૂં બીર્દ પાળ્યું ત્યાંય. ૩૭

અજામેલ તે મહા પાતકી, મામીકી ગુણકા જેહ,
જો સ્મરણ કરતા માહરૂં, વૈકુંઠ પામ્યો તેહ. ૩૮

ગજરાજને ગ્રાહે ગ્રહ્યો, ત્યાં લીધું મારૂં નામ,
ત્યાં એક કરતાં બેઉના, અર્જુન સીધાં કામ. ૩૯

હુંમાં અને મુજ ભકતમાં, અંતર ન હોય લગાર,
મુજ ભકતને ઓળખે નહિ, તે ભૂલી ભમે સંસાર. ૪૦

મારો ભકત સુખી તો હું સુખી, દુઃખી તો દુઃખી જાણ,
મારા ભકતને જો કોઇ પરભવે, તો મને લાગે બાણ. ૪૧

છે સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, જળ સ્થળમાં મારો વાસ,
સુણો ઇંદ્રિ તણા સંતાન, હું થકી અદકો દાસ. ૪૨

હું જોગ જગને નહીં મળું, નહિ તપ તીરથ કે દાન,
અર્જુન મહિમા જાણજો, મારૂં ભકતથી છે જ્ઞાન. ૪૩

હું ભકત સંગે ફરૂં, મને ભકતનો આધાર,
અર્જુન મહિમા જાણજો, કહેતાં ન આવે પાર. ૪૪

હરિભકત મહિમા સુણી, અર્જુન પામ્યો હરખ અપાર,
મૂર્છિત થઈ અવની પડયો, નેત્રે વહે જળ ધાર. ૪૫

આ ગીતાને જે અનુભવે, જે ગાય નર ને નાર,
અર્જુન એવું જાણજો, તે પામે પદ નિર્ધાર. ૪૬

એ ભકત મહિમા માહરો, કોથી કળ્યો નવ જાય,
જેનું ભાગ્ય હોય તે અનુભવે, રસિક વીર ગીત ગાય. ૪૭

☆

શ્રી

ઠાકોરજીને જાગૃત કરવાનાં

પદો

[રાગ : દેવગંધાર]

શ્રી નાથ હરિ પ્રાતઃસમે દર્શન દીજે,
મંગલ સ્વરૂપ મનોહર પ્યારૂં અંતર આનંદ કીજે. —શ્રીનાથ.

મંગલ સુખનિધિ પ્રાણ પ્રભુજી જીવ કૃતારથ કીજે,
નિઃસાધનથી શરણે આવે પ્રેમ અભય હરિ કીજે. —શ્રીનાથ.

પતિત પાવન બીરદ તારૂં ભક્તિથી તું રીજે,
સર્વ જીવોના પ્રાણજીવન વીર રસિકને શરણે લીજે. —શ્રીનાથ.

☆

[રાગ : દેવગંધાર]

નંદનંદન જાગો મોરારી,
સકળ જીવનના પ્રાણજીવન છો મંગલ નામ તુજ ભારી. —નંદનંદન.

મંગલ ધ્યાન તુજ નિશદિન ધરતા પાવનકર સુખકારી,
મંગલ મનોહર રૂપ નિહાળી પ્રેમમગ્ન બની ભારી. —નંદનંદન.

મંગલ નામ જન નિત્ય ગાયે અંતર પ્રેમ જ ભાળી,
પ્રેમપ્રભુજી પાસ રહીને આપે સુખ બહુ ભારી. —નંદનંદ.

દુઃખીઓના પ્રેમજીવન ધન તન મન તું વિહારી,
પતિતપાવન બીરદ તારૂં અધમ લે ઉદ્ધારી. —નંદનંદન.

[ધોળ]

ચાલો સખી મધુવનમાં શ્રીનાથજી ઝુલાવીએ,
રસિયા રસિક શ્યામ મોહન મનાવીએ — ચાલો.

આમ કદંબ અશોક ડાળ હીંચોળા બંધાવીએ,
સુંદર વ્યંજન હસ્ત ધરી પવન પસારીએ —ચાલો.

મોર મુગુટ મકરાકૃત કુંડળ પહેરાવીએ,
હીરના શુભ વાઘા ને વળી પીતાંબર સજાવીએ—ચાલો.

હરિને હાર કંઠે ગુંજાના ધરાવીએ,
આભૂષણ અન્ય ધરી ચંદન ચર્ચાવીએ — ચાલો.

નવીન નૃત્ય સંગીતથી ક્રીડા કરાવીએ,
મર્દન તાંબુલથી હરિને રીઝાવીએ — ચાલો.

ચરણ ચતુરના સેવીને મોહજાલ કાપીએ,
અમૃતના રસિક વીર હૃદય વિષે ચાંપજો — ચાલો.

☆

પારણું

[ભજન]

પ્યારાને પારણે ઝૂલે છે મોરલા,
ઝૂલે છે મોર વાલો નંદકિશોર — પ્યારાને.

હીરા માણેક બહુ જડીઆ પારણે,
ફરતી શોભે રૂડાં મોતીડાંની કોર — પ્યારાને.

હાલરડું ગાઈ ગોપી હરિને ઝુલાવે,
હાથમાં રૂડી હીરલાની દોર — પ્યારાને.

કોઈ કહે કાનાને સારા કાજલીઆ,
કોઈ કહે બંધાવો કસબની કોર — પ્યારાને.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,
ગોપી ઝુલાવે જેમ ચંદ્ર ચકોર — પ્યારાને.

☆

ભોજન થાળ

[ભજન]

જશોદા નંદના લાલા મારે ઘેર આવો છોગાળા,
મનોહર મુરલીવાળા સ્વરૂપે છો રસાળારે,
ખાંડ વળી કાંઈ ગોળ મંગાવી પૂરણ કરૂં કંસાર,
સુંદર ભોજન ભાવે જમાડું ચતુર છો જમનાર—મનોહર

પુડા રૂડા પાતળા માંહી ખીર ખાંડ ભરપૂર,
શીરા પુરી વાટ્યા વડા, તમે સડકલે લેજો ચુર—મનોહર

સડસડતી કાંઇ સેવ ઓસાવું, આચકે બુરા ખાંડ,
તાજું તાવેલ ઘી પીરસું તમે જમતાં ન ધરશો ધ્યાન–મનોહર

કુર રાંધ્યો કમોદ મેં તો લીલારે મગની દાળ,
દૂધ કઢ્યાં મારા નંદના લાલા જુગતે જમજો થાળ—મનોહર

મંદિર પધારો મુરારિ મારે હૈડે ધરો હેત,
વીર રસિકના સ્વામી અંતરયામી થઇ છે લીલા લે'ર—મનોહર

☆

જમો જમો જુગના આધાર જુગતે જમાડું.
શામળીઆ સરજનહાર રંગભર રમાડું.
મેં તો કોડે ઓસાંચ્યો કુર રહ્યો વાસી,
શીરાવો સાકર દૂધ દહિની હું દાસી — જમો.

પીરસું પીરસું પોળીમાંય જીવન ઘી તાજાં,
ઠારૂં ઠારૂં મારો હાથ, શા માટે લાજ્યા નંદલાલ.
પીઓ પીઓને પ્રાણઆધાર જીવન જળ ટાઢાં,
ચવરાવું બીડલાં પાન ગિરધર ગુણ ગાતાં — જમો.

બેસો બેસો મંદિરમાંય ચોખલા ચોડીને,
શું કહેશે દુરિજન લોક મુખડાં મોડીને.
મારે નથી રે બીજાનું કામ તમે છો મારા હૈયાનું ઠામ,
મીઠા મીઠા કુર ઠીક મારૂં મન મોહ્યું રે — જમો.

☆

[રાગ : ઓધવજી સંદેશો કે'જો શ્યામને]

સેવા સ્મરણુ કીર્તન મારે શ્રી નાથજી,
હ્રદય તણું તાવીજ પ્રભુ કેરૂં નામ જો.
અંતરના ભાવેથી જે સેવા કરૂં,
સાક્ષી અંતરયામી ઇશ્વર શ્રીનાથ જો — સેવા.

સર્વસ્વ મારે પ્રાણુ પ્રભુ છો શ્રીનાથજી,
તન મન ધન સેવામાં અર્પણુ થાય જો.
સંસાર તણો લ્હાવો તે મુજને આપિયો,
અંતર બિરાજે સમર્થ સ્વામી નાથજો — સેવા.

જેની કૃપાએ સંસારસુખ પામીને,
અખંડ શાન્તિ અંતરમાં મુજ થાયજો.
એ શાન્તિથી સર્વદા તુજને નીરખીને,
પ્રેમભાવથી આનંદ લીધો લાવ જો...સેવા.

નિઃસ્વારથી પ્રેમ અંતર પોષીને,
અવિચળ શ્રધ્ધા તવ ચરણુની માંહીજો.
શરણાગત અમે જન્મ જન્મનાં તારા,
નિત્ય લીલામાં આપો વીરરસિકને વાસજો — સેવા.

☆

મન મન સમજ જૂઠી છે આ માયા,
કાચના કુંપા સરીખી તારી કાયા,
કે સંપત્તિ છે આ વાદળાની છાયા — મન.

લે કરી હાથથી ને ખાલી વાત કેવી,
દયા લાવી દુઃખી હોય તેને દેવી,
છે વીજના જણુકાની જેવી — મન.

મનુષ્યદેહ મળ્યો છે તે લાભ મોટો,
સુપંથ ખરચ્યાથી ના આવે ટોટો,
ખરચ થાય, વહી જાય, એ મત ખોટો — મન.

અતિ લોભથી અનેક છે ઉપાધિ,
ગરીબ રંકને આપી પોતે નવ ખાધી,
તેથી ટળી અંગની અનેક વ્યાધિ — મન.

કહે વીર રસિકને થઇએ વ્રજવાસી,
દેહ પડ્યા પછી થશે સર્વ માટી — મન.

☆

ખાંસી

બંસી ૧

કે'ની એ'ની બંસીવાલાને વા'લી કાં થઈ વનમાં વગાડે કા'ન બંસી;
તુંને લઈ લઈ અધરથી આવી નવ થાય આજ—કે'ની એ'ની.

જપ તપ વ્રત બંસી કહોને શું કર્યાં તમે કયા પુન્યે પ્રભુ વશ
થાય આજ—કે'ની એ'ની.

જમુનાજીના તીરમાં ઝાડ અને પ્હાડમાં મીઠા સુરેથી પ્રભુ
થાય આજ—કે'ની એ'ની.

જડમાં તુ જન્મ લઈ ચેતન સચેત કર્યા માનવ તો લીન થઈ
જાય આજ—કે'ની એ'ની.

પ્રીતમ ઉપર અમે પ્રાણ ઓવરીએ તોય પ્રભુ વશ નવ
થાય આજ—કે'ની એ'ની.

બતાવ સાચું બંસી શર્ણે અમે આવ્યા છીએ વલ્લભ પ્રભુ કેમ વશ
થાય આજ—કે'ની એ'ની.

બંસી ૨

સાચું કહું સજની વાલાને તેથી હું ગમી પૂર્વે હતી બહેની,
બ્રાહ્મણની નારી ધર્મ માટે દેહ કીધો ત્યાગ આજ —સાચું કહું.
વાંસ કુળે જન્મ લઇ તડકો ને ટાઢ સહી પ્રભુ માટે સહ્યા
વરસાદ આજ —સાચું કહું.
વનમાંથી આવી ત્રણ કટકા કરાવી શરાણે ચઢ્યા ને પડ્યા
છેદ આજ —સાચું કહું.
જ્યારે વગાડે પ્રભુ ત્યારે હુ વાગું નહી જોતી દિવસ કે
રાત આજ —સાચું કહું.
સંચાને કારીગર જેમ ચલાવે પ્રભુ ચલવે તેમ ચાલું
બેન આજ —સાચું કહું.
જેવી ફુંક મારે પ્રભુ જેવા રંગે રંગે તેમ વાગી કરૂં સર્વને
આનંદ રાજ —સાચું કહું.
વિશ્વાસે વળગો બેન ફળ તણી આશ ત્યજો શરણે રહો તો સુખ
થાય આજ —સાચું કહું.
માન મોહ મત્સર ને મદ અભિમાન ત્યજી સરળ દાસ ભાવે
શ્યામ વશ થાય આજ —સાચું કહું.

☆

બંસી ૩

શ્યામ શાને વગાડે તારી બંસી અમોને દુઃખ બહુ દીયે
સુતાં હતાં અમે મીઠીએ તો ઉંઘથી જગાડે —શ્યામ.
ઘરનાં તો કામકાજ કાંઈ નથી ગોઠતા જગતના ભાન ભૂલાવે —શ્યામ.
જાણીએ જે મોરલીમાં ઝેર ભર્યું છે સર્પ જેમ ડંખને લગાડે —શ્યામ.
બંસીમાંહી ઝેર છે મુખમાંહી ઝરે છે ફુંકમાં એ પારને પમાડે —શ્યામ.
કોઈ કહે સર્પ વિષ મ્હોડાથી ઉતરી જાય બંસી ઝેર ઉતરે
પ્રભુ ચર્ણ જો લગાડે —શ્યામ.

બંસી ૪

[બંસીવાદ ભજન]

ગોપી–કહે તો ખરી બંસી કહે તો ખરી શ્યામ શાને ધરે તને અધર–ટેક.
સાચું ના કહે તો સમ છે મારા શાથી રીઝે છે તુજથી એ પ્યારા
છો તું ભલી આલી છો તું ભલી થાપ પડું તને સખી વદરે
શ્યામ શાને ધરે તને અધરે–ટેક.

બંસી–સાચું પુછોતો સાંભળો સજની હું નથી જાણતી દીન કે રજની
મંત્ર મુગ્ધા જેમ સખી હું તો યંત્ર બની એથે સજને કહું શુંરે
તને કહું શુંરે તને શ્યામ શાને મને સંધરે–ટેક.

ગોપી–ઉડાવાની વાતો જાવા તું દેને મશ્કરી કરવી રહેવા તું દેને
ખરી છો તું સતી ખરી છો તું સતી શરણાગત નહિ તજરે
નહિ તજરે શ્યામ શાને તને અને અધરે–ટેક.

બંસી–એની ફુંકે સખી ફુંકાઉં હું એ રંગે તેમ રંગાવું હું
જડ છતાં એ ચેતન બનીને હૈયા સર્વ હલાવું હું
ગતિ એની ખરી ગતિ એની ખરી અયે રાજને–કહું શું
રે તને શ્યામ શાને ધરે મને અધરે–ટેક.

ગોપી–પ્રીતમ સારૂં હુ પ્રાણ પ્રસારૂં દિન રેણી ના નામ વિચારૂં
તોયે સખી એતો ન્હાય તુંને કરૂં શુ હું હવે કરૂં શું
હવે સખી વદરે શ્યામ શાને ધરે અધરે–ટેક.

બંસી–રીઝાવવું સખી રહેવા તું દેને તારા મુખે અને ગાવા તું દેને
માન માટે અભિમાન તજી સખી દીલ ખુલ્લું તું થાવા દે
પછી જો તો ખરી પછી જો તો ખરી
અયે સજની શ્યામ શાને ધરે મને અધરે–કેક.

ગોપી–અસ્થિ ચર્મ ને રક્ત માંસનું ઘડયું તેનું પ્રભુને કામ શું
કામ ક્રોધે ભર્યું કામ ક્રોધે ભર્યું તજું શી રીતે રે
તજું શી રીતેરે સખી વદરે સખી વદરે શ્યામ શાને ધરે તને–ટેક

બંસી–માંસ રૂધિર છો વધ ઘટ થાતાં અસ્થિ ફાવે તેમ છો જ–અધરે
વેરાતાં—ચર્મ ચમકતાં છોજ સુકાતાં તોએ ભાવ
સ્ખલતિ ન થાય જીરી એતો પ્રીતિ ખરી એતો પ્રીતિ ખરી
અયે સજની કહું શુંરે તને શ્યામ શાને ધરે મને અધરે–ટેક

ગોપી–લાલચમાં મુજને લપટાવી આશાપાશ વિશે ઝુપટાવી દીધો
પછી છો હમને સહુ શી રીતરે સખી વદરે શ્યામ –
શાને ધરે તને અધરે

બંસી–વિશ્વાસે વળગી રહે જો વાલી તેનો એ છે સદાએ બેલી

☆

બંસી ૫

મનહર ગોપાલ બંસી ધીરે બજાવો
ધીરે બજાવો ગવા ધીરે ચરાવો —મનહર.

બંસી સુણાવી અમને ત્રાસ પમાડે
મીઠી નિદ્રાથી પ્રભુ તે તો જગાડે —મનહર.

બંસી સુણાવી નિજ ધર્મ ચુકાવે
અમને તાલાવેલી બંસી કરાવે —મનહર.

બંસીનો નાદ સુણી બ્રહ્માજી મોહ્યા
મહાશંકર આંદોલન તે ક્ષણમાં દોલવ્યા —મનહર.

બંસીએ ભક્તો ચીતોને ગોરાવ્યા
દેહ સુનુભીના સર્વે ભાન ભુલાવ્યા —મનહર.

અબળા જાણીને પ્રભુ શાને સતાવો
મનહર ગોપાલ તમારા ચરણે લોટાવો —મનહર.

દાસ અને દાસ વિનંતી કરૂં છું
ચરણકમલમાં ચિત્ત ધરૂં છું —મનહર.

બંસી ૬

[ગોપી વિરહ]

ગોપી કૃષ્ણુ કૃષ્ણુ કરતાં ફરે રે ગોપી કૃષ્ણુ કૃષ્ણુ કૃષ્ણુ કરતાં ફરે રે
આંબલી તે કયાં અજબને રે દીઠાં એ તો માથે મુગટ મુરલીધરે રે
માલતી તે કયાં માધવને રે દીઠાં તારા પુષ્પનો હૈયે હાર એ ધરે રે
તુળસી તે કયાં ત્રીકમને દીઠાં તારા પત્ર વીણુ ભોજન ના કરે રે ગોપી.
કોયલ તે કયાં કૃષ્ણુને દીઠાં તારી પેઠે એ ટહુકાં કરે રે — ગોપી.
પોપટ તો કયાં પ્રભુને દીઠાં તેને પઢાવે પોતે પઢેરે ગોપી—કૃષ્ણુ.
મોર તે કયાં મોહનને દીઠાં તારા પીછાંનો મુગટ એ ધરે રે
હંસ તે કયાં હરિને રે દીઠાં તારી પેઠે લટકા કરેરે — ગોપી.
ગવરી તે કયાં ગોવિંદને રે દીઠાં તારાં દૂધનું પય પાન એ કરે રે
નાથ ત્રિભોવનનો વહાલો મળે જો ભવ રે સાગરનો ફેરો ટળે રે.

☆

બંસી ૭

[ગોપી વિરહ]

ગોપી શોધતી ફરે છે ઝાડો ઝાડ રે ગોપી શોધતી ફરે છે ઝાડો ઝાડ રે
ઝાડો ને ઝાડને ગોપીઓ પુછે એતો કાઢે અંતરની ઝાળને રે ગોપી–ટેક
આંબો આંબલી વડ પીપળાને પુછે એતો પુછે શેરડીઓના વાડને રે
જાંબુડાને ગોપી જઈ જઇને પુછે એતો પુછે મોટા મોટા ઝાડને રે–ટેક
જળને જમુનાજીના જઈ જઇને પુછે એતો પુછે મોટા મોટા ઝાડને રે
વૃન્દાવનની કુંજ ગલીનમાં કોઈ મેલાવો નંદલાલને રે ગોપી–ટેક
નાથ ત્રીભોવનનો વ્હાલો મળે નીતો ગાળું હિમાળે જઇ હાડનરે–ટેક

☆

બંસી ૮

(ગરબો)

શાને વગાડે શામ શાને વગાડે
તારી મુરલી મનડાં બગાડે,
રસીલી શામ શાને વગાડે.

સૂતા હતા અમે અમારી મેડીએ,
મીઠડી ઊંઘથી જગાડે—રસીલી.

ઘરનાતે કામકાજ અમને ન ગોઠતાં,
(અમે) ભોળીયુંનાં ભાન ભગાડે—રસીલી.

એવું એ મુરલીમાં ઝેર ભર્યું જાણે,
મણિધરના ડંખને લગાડે—રસીલી.

બંસીનું ઝેર તે નાદથી ઝરે છે,
એ સાંભળતાં મોહ લગાડે—રસીલી.

વીર રસિક શામ દીલના દયાળુ
નિજ ચરણોમાં ચિત્ત લગાડે—રસીલી.

✡

પુષ્પ-પાંખડી

પૂનમ ચાંદની

[ભજન]

શરદ પુનમની રાતે ચંદ્ર ચડયો આકાશમાં રે,
શરદની શોભા મુખથી વરણવી નહીં જાય રે,
કાન કુંવર ખેલે રાસ ગોપી જન સૌ સાથમાં રે,
પ્રીતમ પ્રાણતણા આધાર કુંવર નંદરાયના રે,
વાસુદેવ દેવકીનંદ જશોદાજીના બાળ — કાનો.

સાખી

વૃંદાવનના ચોકમાં — રાસ રચ્યો શુભ પેર,
કૃષ્ણ કુંવર કોડામણા — કરતા લીલાલ્હેર,
લ્હેરે કરતા મધુરી મુરલી મુખમાં વાજતી રે,

સાખી

ગોપી સૌ ઘેલી થઈ અવળા સજ્યા શણુગાર,
ઘરધંધો મેલી કરી, રોતાં મેલ્યાં બાળ,
એવી વ્યાકુળ વનિતા આવી વનમાં એકલી રે,
પ્રીતે પ્રણામ કરીઆ જઈ પ્રભુ કેરે ચર્ણ—કાનો.

સાખી

કર જોડી ઊભી રહી, ચરણે નમાવી શીશ,
રાસ રમાડયો પ્રીતથી—ગિરધર વર જુગદીશ.
એક એક ગોપી એક એક કૃષ્ણુ બન્યા બહુ જોડલાં રે,
ફરતા ઘુઘરી વાજે ને ઝાંઝરનો ઝમકાર—કાનો.

સાખી

તે જોવાને આવિયા દેવતા તેત્રીસ કરોડ રે,
પુષ્પે કૃષ્ણુ વધાવીઆને પૂર્યા મનના કોડ.
સર્વ વ્રજ વનિતાએ મોતીડે વધાવિયા રે,
કર જોડીને કહીએ રઘુ વરનાદાસ—કાનો.

☆

[ધોળ]

એની નકટો નંદકુમાર ઝગડા નિત્ય કરે,
ઘરમાં આવી બાળ રડાવી બેસે ઘેર થઈ સાધુ—ઝગડા.
શીંકેથી મટુકીને ફોડી આપે મરકટને દહીંનું ખાન,
વાલમને વારૂં વચનેથી, મસ્તાની ન ધરતો ધ્યાન—જગડા.
માત જશોદાને કહું જ્યારે ખોટું બોલે ગોપી કહે કાન,
સુધાના સ્વામિ ને વધારે વદતા,
એની કરીએ જનથી નાદાન—જગડા.

☆

[ધોળ]

સખી વ્યાકુળ કીધું મન — દર્શન દઈ નંદકુમારે,
મૂકી મુજને વાંકાં કહી વચન ઘેલી કરી કૃષ્ણ ધુતારે,

સાખી

પ્રાતઃ કાલે નીસરી ભરવા જમનાનીર,
બંસી ધરી મુખ વિષે, રે ઊભા તીરે બલી જાદવ વીર—ઘેલી.

સાખી

બેડું ભરવા હું વળું વંઢોણી લઈ જાય,
અતિ બોલું જો મુખથી રે જળમાં ગાગર ગોથાં ખાય—ઘેલી.

સાખી

કરગરીને હું નમતીથી આપે ગાગર ત્યાંય,
બેડું શિર ધરી નીસરૂં રે છાંટે પાણી ને ચીર
સહુ ભીંજી જાય—ઘેલી.

સાખી

ભીંજાવી ભુવન જાણી બોલ્યા વીણુ હું જાઉં,
પાલવ ખેંચે માહુરો રે મનમાંહી અતિ મુંઝાઉં—ઘેલી.

સાખી

કાંકરડી મારી મુને વાગી હૃદય મોઝાર,
રીસ કરી જ્યાં બોલી લગાર કરી ત્યાગ ગયા ગોપાલ—ઘેલી.

સાખી

અરે સખી ગમતું નથી કૃષ્ણ વિના લગાર,
મનાવી લાવે એહને તુજને આપું ઉરનો હાર—ઘેલી.

☆

શ્રીકૃષ્ણને વિજ્ઞપ્તિ

[રાગ : કલ્યાણ]

અંતરયામી પ્રાણુ પ્રભુજી વિજ્ઞપ્તિ છેલ્લી મારી,
દીનદયાળ હે દામોદર તું ભક્ત તણી વારે આવી,
સંકટ સર્વે દૂર કરીને શરણે લે મુજને તારી—અંતરયામી.

રંક મિત્ર સુદામો તાર્યાં ભક્ત તણી તેં ભીડ ભાંગી,
અખંડ શ્રદ્ધા એ મુરારિ અંતર મારે છે તારી,
એ બીરદથી અરજ કરૂં છું આર્તિ હૃદયથી પ્રેમધારી—અંતરયામી

દર્શન આપી અગ્નિ બુજાવો શર્ણતણી છું ભીખારી,
દયા તણી એ ભિક્ષા માટે યાચવા હું વારે આવી,
હૃદય ભાવનું પાત્ર આજે તમ ચરણમાં તે લાવી—અંતરયામી.

તુજ સમો નહીં દાતા જગમાં દયા તણા દાનો આપી,
અનંત જન્મના દુઃખ નિવારી દયા થકી તું લે તારી—અંતરયામી.

માતા પિતા ભ્રાતા ભગિની પતિ પુત્ર તુજને ધરી,
વીર રસિકના શ્રી હરિ સ્વામી અંતે આશ છે તારી—અંતરયામી.

✡

[રાગ : ભૈરવી]

શ્રી વલ્લભનંદન પ્રાણુજ મારા નિશદિન જાપ જપું તારા
મંગળ મૂર્તિ મંગળ મુરલી મંગળ છો પ્રભુ પ્યારા—શ્રી વલ્લભ.

મંગળ ચરણુજ મંગળ શરણુજ મંગળ છો સુખન્યારા—શ્રી વલ્લભ.

મંગળ અધમ ઉદ્ધારજ વ્હાલા
મંગળ પતિત તણા આધાર—શ્રી વલ્લભ.

મંગળ વિશ્વના સ્વામી મંગળ પ્રાણુ જીવન રસાળ—શ્રી વલ્લભ.

પ્રભુ - ઝાંખી

[રાગ : કલ્યાણ]

અખિલ બ્રહ્માંડે વ્યાપી રહ્યા હરિ દર્શન તારાં ક્યાં થાતાં,
ભકત તણા ઉછળતા ઉરમાં વૈષ્ણવ હૃદયની દયાળુતામાં,
ત્યાગી જીવનના નિઃસાધનમાં શ્રી હરિ તારાં દર્શન થાતાં–અખિલ.

દંપતી કેરાં પ્રેમ હૃદયમાં પ્રણયથી હૃદયના દગ્ધ જીવનમાં,
નિઃસાધનના દુઃખી જીવનમાં શ્રી હરિ તારાં દર્શન થાતાં–અખિલ.

માતા કેરી વત્સલતામાં પિતા કેરા ભાવી અંતરમાં,
બાળકની નિર્દોષિતામાં શ્રી હરિ તારાં દર્શન થાતાં–અખિલ.

ભ્રાતા કેરા હૃદયઐકયમાં પ્રેમી મિત્રોની સરળતામાં
ભગિનીના નિર્મળ ભાવોમાં શ્રી હરિ તારાં દર્શન થાતાં–અખિલ.

પૂજ્ય જનોના આત્મ ભોગમાં આજ્ઞાધારી પુત્ર જીવનમાં,
શૂરવીરોની શૂરતામહીં શ્રી હરિ તારાં દર્શન થાતાં–અખિલ.

જળમાં સ્થળમાં આકાશે પ્રભુ જ્યાં ત્યાં તુજ દર્શન થાતાં,
વિશ્વતણી જે વિભૂતિ તારી જીવન ઉદ્યાને નિત્ય રમતાં,
સચરાચરમાં વ્યાપી રહ્યા પ્રભુ ઘટ ઘટ તું અંતરયામી–અખિલ.

☆

[રાગ : કલ્યાણ]

પ્રેમસ્વરૂપે અંતરયામી હૃદય મંદિરમાં વ્યાપી રહ્યા,
પ્રેમસ્વરૂપે ભકિતથી પ્રભુ અંતરમાં રહી નાચી રહ્યા—પ્રેમ.

દયા થકી પ્રભુભાવ ધરતા પ્રેમસ્વરૂપ પ્રગટાવી રહ્યા,
જ્ઞાનદીપકની જ્યોતિ સ્વરૂપે વિશ્વને દીપાવી રહ્યા—પ્રેમ.

ઘટ ઘટમાં રહી પ્રેમસ્વરૂપે, પ્રેમસુધા વરસાવી રહ્યા,
આત્મસ્વરૂપે શાન્તિથી પ્રભુ ચિત્ત વૃત્તિમાં સ્થાયી રહ્યા—પ્રેમ.

યોગ સમાધિએ સચ્ચિતાનંદે અખંડ પ્રેમ ઉરે રહ્યા,
કર્તવ્યથી પ્રભુ કર્મભૂમિને જીવન ક્ષેત્રથી ખેડી રહ્યા—પ્રેમ.

ક્ષેત્રજ્ઞ સ્વરૂપે પ્રભુ પ્રસાદી સૃષ્ટિમાં સૌને વ્હેંચી રહ્યા,
પ્રેમભક્તિથી ધર્મ અધર્મી રાજા રંક કે સુખી દુઃખી—પ્રેમ.

દયાથી પ્રભુ સૌને તાર્યા ભાવ ધરીને શર્ણે લઈ,
તુજ સમો નહીં દાતા જગમાં દયા તણાં દાનો દીધાં—પ્રેમ.

અનંત જન્મોનાં દુઃખ નિવારી પ્રેમસ્વરૂપમાં ઠારી રહ્યા,
વિશ્વ વિષે જન પ્રતિમા તારી પ્રેમસ્વરૂપે નિરખી રહ્યા—પ્રેમ.

☆

[ભજન]

વિશ્વ વિશે ખેલે ખેલ પ્રભુજી વિશ્વ વિશે રે,
ભક્તોના ભાવે ભીંજેલ પ્રભુજી વિશ્વ વિશે રે,
વિશ્વબગીચે માનવપુષ્પો,
પ્રેમસુગંધે ખીલેલ પ્રભુજી વિશ્વ વિશે રે–ભક્તોના.

જીવનવસંતે પરિમલ મ્હેકે,
આત્મજ તત્વે વસેલ પ્રભુજી વિશ્વ વિશે રે,
પ્રેમધ્વનિથી પ્રભુ મુરલી બજાવતા,
હૃદયકુંજે ખીલેલ પ્રભુજી વિશ્વ વિશે રે–ભક્તોના.

ભક્ત મનોરથ પૂરણ કરવા,
વિવિધ વેશો ધરેલ પ્રભુજી વિશ્વ વિશે રે,
કેશરી જામાને કેશરી વાઘો,
કેશર લલાટે ચર્ચેલ પ્રભુજી વિશ્વ વિશે રે–ભક્તોના.

અખિલ બ્રહ્માંડે પ્રભુ રાચી રહ્યા છો,
સૃષ્ટિને પોષી રહેલ પ્રભુજી ઘટ ઘટ માંહી રહેલ,
રમણ કરો છો પ્રભુ અંતર માંહી,
વીર રસિકના પ્રેમે વહેલ પ્રભુજી વિશ્વ વિશે રે–ભક્તોના.

☆

[રાસ]

ગાંડો બન્યો છે ગોવાળીઓ ગોકુળમાં,
ઘેલો બન્યો છે ગોવાળીઓ—ગોકુળમાં.

આવતાં જતાં અબળાની આળ કરે છે,
પાડે છે પગમાં નાંખી દોરિયો—ગોકુળમાં.

નીચું જોઈ મુંગે મોઢે જતા મારગ માંહી,
કાંકરડી મારે છે કાળિયો—ગોકુળમાં.

નીરે ભીંજાતા ચીર દેખીને શામળો,
પછવાડે પાડે છે તાળીઓ—ગોકુળમાં.

બેઠી જ્યાં ઘરમાં હું તો બેડલું ઉતારી,
દહીંના દોણાનો દાટ વાળિઓ—ગોકુળમાં.

અમૃતનો સ્વામિ કયમ આવો અળવીતરો,
હારી છે વૃજની નારીઓ—ગોકુળમાં.

☆

જશોદા - પ્રશ્ન

ચારી વૃંદાવનમાં ધેન ક્યારે આવીશ ગોકુળમાં?
મુખનાં મીઠાં કાલાં વેણ, સુણાવીશ ક્યારે ગોકુળમાં?
સુંવાળા શિરપર કાળા કેશ નમણો નટવર સુંદર વેશ,
પ્યારા પુરુષોતમ પ્રાણેશ, ક્યારે જોઈશિ ગોકુળમાં?
મુગટ છે મોરપીછનો શિશ, ગુંજા હાર ગળે જુગદીશ,
બોલો ચૌદ ભુવનના ઇશ, ક્યારે આવીશ ગોકુળમાં?
ચરણે રૂમઝુમ ઝાંઝર બાજે, ગલીઓ ગોકુળની સૌ ગાજે,
મધુરી મુરલી મીઠા અવાજે, બજાવીશ ક્યારે ગોકુળમાં?
ઘડીઓ યુગ યુગ સમ અમ જાએ, વ્હાલા વિરહયોગ ન સહેવાયે,
અંતર અબળાનું અકળાયે, ક્યારે આવીશ ગોકુળમાં?
માતા નયને આંસું ભરતી પ્રભુ પર અમૃત દૃષ્ટિ કરતી,
બોલે મુખથી વળતી વળતી ક્યારે આવીશ ગોકુળમાં?

☆

શ્રીકૃષ્ણ - ઉત્તર

માતા રોષ હૃદયે ના ભરશો,
ગાયો ચારી આવીશ વહેલો, ગોકુળમાં
મારા દોષ હૃદયે ના ધરશો —ગાયો.

રૂડી વૃંદાવનની કુંજ,
ખીલ્યા પુષ્પ ભમરની ગુંજ,
સાથે બાલ ગ્વાલના પુંજ —ગાયો.

સુંદર ગિરિરાજની માટી,
છાયા કદંબની છે ઘાટી,
નીચે માખણ મીસરી ચાટી —ગાયો.

આજે યમુનાજીના તીરે,
જઇશું, સાન કરી બલવીરે,
બંસી બજાવતા મુખ ધીરે —ગાયો.

રમીએ ભેગા મળી જ્યાં ગ્વાલ,
આવે દૈત્ય ત્યાં વિકરાળ,
આપી નિજ પદને તત્કાળ —ગાયો.

કા'નો કંઠે વળગી કહે છે,
માને ગાલે ચુંબન દે છે,
અમૃત આનંદ અબળા લે છે —ગાયો.

: ગરબો :

મધરાતે માવાએ મુરલી વગાડી,
વાગી મીઠી રસાળ
બાવરી બની વ્રજનાર
ભૂલી ઘર કામ ધામ મુક્યા ભરથાર,
ધાવતાં વછોડ્યાં છે બાળ–બાવરી બની.

અનહદ અખંડ નાદ વાગ્યો બ્રહ્માંડમાં,
અમર આકાશે અપાર–બાવરી બની.

સ્થિર થયાં નીર મહારાણી જમના તણાં,
કાંઠડે પંખીની હાર–બાવરી બની.

ગાયો પણ ઘાંસ વાસ મેલ્યો ગોકુલનો,
વાછરડાં કરતાં પોકાર–બાવરી બની.

મુરલીના નાદમાં મુનિવર મોયા,
તુટ્યા છે આત્માના તાર–બાવરી બની.

શિવ બ્રહ્મા નારદ શુક યોગી,
પીતા આનંદ રસધાર–બાવરી બની.

સંગીતના સૂર પુષ્પ ઉડે સોહામણા,
દેવતા બોલે જય જય કાર–બાંવરી બની.

અમૃત આનંદ આપો તમારા દાસને,
ચરણ કમળ બલિહાર રે–બાવરી બની.

☆

દશ અવતાર

[ભજન]

પહેલે તો મંછા અવતાર ધરીને પ્રભુ વાળ્યા ચારે વેદ
—શ્યામ શા માટે ?
બ્રહ્મઋષિના કારજ સુધારવા અકળ સ્વરૂપ મહારાજ
—ઓધ્ધવ એ માટે.
બીજે મહીસાગર મથીને પ્રભુ કાઢ્યા ચૌદ રતન
—શ્યામ શા માટે ?
ત્રણ રતન પૃથ્વીને સોંપ્યા ધરિયું કચ્છ સ્વરૂપ
—ઓધ્ધવ એ માટે.
ત્રીજે તે વરાહ રૂપ ધરીને પ્રભુ ગગન ચઢાવ્યાં નીર
—શ્યામ શા માટે ?
બુડતી પૃથ્વીને તારવા દાઢ તણો આધાર
—ઓધ્ધવ એ માટે.
ચોથે તે નૃસિંહ રૂપ ધરીને પ્રભુ સ્થંભમાં પ્રગટ્યો વાસ
—શ્યામ શા માટે ?
નખ વધારી હિરણ્યા કશ્યપ માર્યો, પ્રહલ્લાદને આપ્યું રાજ
—ઓધ્ધવ એ માટે.
પાંચમે વામન અવતાર ધરીને પ્રભુ જઇ જાચ્યા બળિરાય
—શ્યામ શા માટે ?
ત્રણ ડગલા પૃથ્વીને સારૂં બળી ચાંપ્યો પાતાલ
—ઓધ્ધવ એ માટે.
છઠ્ઠે પરશુરામ અવતાર ધરીને પ્રભુ ફરસી લીધી હાથ
—શ્યામ શા માટે ?

સહસ્રાર્જુન બહુ બળવેધી આપ્યા વિપ્રને દાન
—ઓધ્ધવ એ માટે.

સાતમે રામ અવતાર ધરીને પ્રભુ સાગર બાંધી પાળ
—શ્યામ શા માટે?

રાજા રાવણને રણમાં રોળ્યો વાળી સીતા ઘેર
—ઓધ્ધવ એ માટે.

આઠમે શ્રીકૃષ્ણ અવતાર ધરીને પ્રભુ ગોકુળ ચારી ગાય
—શ્યામ શા માટે?

માતપિતાના બંધનને, માર્યો મામો કંસ
—ઓધ્ધવ એ માટે.

નવમે બુધ્ધ અવતાર ધરીને પ્રભુ બેઠા ઠામો ઠામ
—શ્યામ શા માટે?

છેટેથી પ્રભુ દર્શન આપો છો પ્રભુ તુજ કેરૂં એક જ ધ્યાન
—ઓધ્ધવ એ માટે.

દશમે કલકી અવતાર ધરીને કરશો હાહાકાર
—શ્યામ શા માટે?

પુન્યથી જારે અદકું પાપ એ દશમો અવતાર
—ઓધ્ધવ એ માટે.

જે જન ગાય શીખે ને સુણે દશ અવતાર તેનો નિશ્ચે થાશે વૈકુંઠવાસ
નહિતર એ મૂરખનો એળે ગયો અવતાર.

☆

શાન્તિ

છે પ્રભુની જ્યાં પ્રભુતા
શાન્તિમય જીવન સદા
મન નહીં મમતા અહંતા
ક્લેશ કજીયો નહીં કદા–શાન્તિ.

સમ દૃષ્ટિ છે સંસારમાં
આશાભરી નહીં અંતરે
મુખથી હરિનું નામ જપતા–શાન્તિ.

અમી રસ ભરી છે આંખડી
સમ વિષમ ભાવ ન વિશ્વમાં
વાણી વિવેકી વદન હસતા–શાન્તિ.


સ જ્જ નો ના સં ગ માં
શુભ શાસ્ત્ર વાંચે સાંભળે
ગોવિંદના ગુણ ગાન કરતાં–શાન્તિ.

રાજી થવું પર ઉન્નતિમાં
દીનના દુઃખો હરી
પરમાર્થમાં ધન અર્પતા–શાન્તિ.

એવા જનો આ અવનીમાં
કીર્તિ અમર કુળની કરે
માનવ ખરા એ દેવતા–શાન્તિ.

અહર્નિશ નટવર નામને
વીર રસિક થઈ મુખથી ભજે
અમૃત પ્રભુ પદ પામતા છે–શાન્તિ.

✩



નલિની · મુંબઈ ૨